શ્રીમન્ મહાન્કવિ કાલીદાસ વિરચિત.

મેઘદૂત.

(શ્લોક સાથ ગુજરાતી ભાષાંતર.)

Transletter.

M. G. Pandit.

પ્રસિદ્ધકર્તા

શ્રી—ખંભાત—પુસ્તક પ્રસારક કંપની.

અમદાવાદ "ગુજરાત ગેઝેટ" પ્રેસ.

અને

પેટલાદ "પારસમણી" પ્રેસ.

પ્રથમાવૃતિ. પ્રત. ૧૦૦૦

જાહેર ખબર.

૬૫૨૫

ગંગા.

બહાર પડશે.

અથવા.

પૈસાદાર માબાપને ઘેર જન્મ ધરી કજોડાના કષ્ટથી પીડાએલી એક યુવાન બાલા.

(આધુનિક સંસારી નૉવેલ.)

કિમ્મત રૂ. ૧—૦—૦ અગાઉથી.

ચંદા.

અથવા.

વયોવૃદ્ધિ પતિને પરણી પુર્ણ દુઃખોદ્દગારમાં સપડાએલી એક નાજુક નવોઢા.

(આધુનિક સંસારીક નૉવેલ)

કિમ્મત રૂ. ૦—૮—૦ અગાઉથી.

ખંભાત. } પ્રસિદ્ધ કર્ત્તા.
પુસ્તક પ્રસારક કંપની.

ॐ

શ્રી.

ઉપહારાઞ્જાલિ.

કોને અર્પું? જેનુ છે તેનેજ. આથી અધિક અધિકારી કોણ મળનાર છે? જેમનાથી આખુ નખ શિખ શરિર જીવિત યાત્રા કરતાં યુવાવસ્થા અને સસુમતિ ગ્રહસ્થાશ્રમ તિર્થનુ અવલોકન કરી અખીલ ફળ પામે છે તેના હેતુ રૂપ; એટલુંજ નહી પણ તેમના શુદ્ધ અને સપ્રેમાશીર્વાદે સમુદ્ર બીંદુના પરમાણુવત્ સંસ્કૃત સંસ્કારે સંસ્કૃત થઇ; એક વખતના અરણ્ય જેવા અંતઃકર્ણમાં અનેક સંકલ્પ વિકલ્પ થઈ આ ક્રીયા બની છે તે પીતામહ શ્રી કૃષ્ણનેજ અર્પણ થવી યોગ્ય છે કારણ જેમના સ્થુળ શરીરના સહૃદય નયનાનંદક દર્શનથી નિત્ય નિરંકુશા તૃપ્તિ થતી હતી તે આજે પોત પોતાના મહા કારણમાં મળી ગયેલ હોવાથી દર્શનાતુરતાની અકળામણે અટવાઇ અન્ય કાંઈ ન સુજતાં આ ઉપહારાંઞ્જાલિ રૂપ શ્રાદ્ધાઞ્જલિજ તેમના સ્વર્ગસ્થ પરંપુજ્ય સુદ્ધાત્માને શ્રદ્ધા પુર્વક અર્પી અંતરોર્મિયોને સમાવું છું.

લી.

પાદૂપંકજરજ

ૐ શ્રી.

પ્રયોજન.

એતો જગ જાહેર વિદ્વજ્જન પ્રતિપાદિત સિદ્ધાંત છે કે, 'કાંઇ પણ કારણ વિના કાર્ય નથી.' જ્યાં એમજ છે તો પછી આ લઘુ તો લઘુ પુસ્તક પણ પ્રયોજન વિના થાયજ ક્યાંથી? કવિકુલભૂષણ કાળીદાસની અવિચળ કીર્તિના કારણ રૂપ તેમના અનેક વિશ્વ વિખ્યાત ગ્રંથોમાં "મેઘદૂત"ની મોહનીથી કોણ સુહૃદ સજ્જન અજ્ઞાન છે? સંસ્કૃત સજ્જનોના રસિક હૃદયમાં વસી અવર્ણ્ય આનંદને આપનાર મેઘદૂત કાવ્યે દેશી વિદેશી વિવિધ વિદ્વાનોના ચિત્તને ચોરી અનેક ભાષામાં ભિન્ન ભિન્ન સ્વરૂપે દર્શન દેતાં દ્રષ્ટાઓને દંગ કર્યા છે; તો પછી એ અદ્વિતીય ચિત્તાકર્ષક કૃતિ મ્હારા જેવાને મોહમાં મગ્ન કરે તેમાં શું આશ્ચર્ય? એ મોહાધિનતાંજ મ્હારા હાથે આ ભાષાંતરનું લઘુ પુસ્તક પ્રગટ થવામાં પ્રમુખ પ્રયોજન છે. કારણ પંચ કાવ્યાદિ વિવિધ સંસ્કૃત ગુરુ કાવ્યો શિખતાં કવિકુલ શિરોમણી કાળીદાસની સરળ સુલભ અને સસ્સકૃતિની અનુકૃતિ કરવા મ્હારૂં અંતઃકરણ આકર્ષાયું. અભ્યાસ કરતાં સમજાએલું તે સટીક ભાષાંતરના પુસ્તક રૂપે પ્રકટ કરવાને પ્રયાસારંભ કરવાની પ્રેરણા થઇ. શરૂઆતમાં સરસ સુલભ અને લઘુ છતાં મહા કાવ્યની મહત્તા ધરાવતા મેઘદૂતનુંજ ભાષાંતર કરવાનો વિચાર થયો લખવાને લેખિની લઇ લઘુ ટિપ્પણ કર્યું; પરંતુ તેનું ભાષાંતર વિવિધ વિખ્યાત વિદ્વાને લેખકોની કલમથી થયેલું છે, એ વિચાર આવતાંજ ચપળ ચપળાની ચપળાઇનો પણ મદ મૂકાવતા મને પોતાના સ્વભાવની સત્તા જણાવવા માંડી. 'ગુજરાતી ભાષામાં અનેક રૂપે ભાષાંતર થયા છતાં આનીતે વળી શી જરૂર છે'? આદિ અનેક પ્રશ્નો પૂછી મનેજ મ્હારૂં મન મુઝાવા લાગ્યું, મનના મારાથી ઉછ્કેરાયલી ઉર્મીઓએ પાછી પા'ની કરવા માંડી, આવશ્યકતાનો અભાવ જણાતાં નિરાશતા "

થી કરતા” ઉદ્‌ગારો સાથે કલમ અને કાગળીઆં મુકી દીધાં. વળી વિવેક ભતૃહરિનું નીતિવચન યાદ આવ્યું કે, प्रारभ्य मुत्तम जनान परित्य जन्ति॥ એ નીતિ વચને ઉત્તમ જનોની અનુકૃતિ કરવા અંતઃકરણને ઉત્કેર્યું. લખવા અને પુસ્તકાકારે પ્રકટ કરવાનો શુદ્ધ શંકલ્પ કરાવ્યો; ઈષ્ટ કૃપાએ એ શુદ્ધ અંતઃકરણે થયેલો સંકલ્પ સિદ્ધ થતાં આજે આ એજ લઘુ પુસ્તકનું પ્રેયોજન લખવાના પ્રસંગનો આનંદ અનુભવવાનો અવસર આવ્યો ?

આ મ્હારો પ્રથમ પ્રયાસ છે એમ કહી વિરમવા કરતાં અત્રે કાંઇ વિશેષ વિસ્તાર કરવાની જરૂર વિચારૂં છું. તે એજ કે, આ પુસ્તક છેક કાષ્ટ લોષ્ટ સમાકૃતિ જનોને માટે કિંવા સંસ્કૃત વિદ્યાના સંપૂર્ણ જ્ઞાની મહાન પંડિતોને માટે નથી; પરંતુ જે કાવ્ય રસામૃતનો લોભી છતાં સંસ્કૃત ભાષાના અજ્ઞાનથી અંતઃકરણમાં અકળાય છે તેમને, કિંવા સંસ્કૃત કાવ્યોનો અભ્યાસ કરવા ઈચ્છા રાખે છે તેમની અનુંકૂળતાને માટેજ મ્હારો આ પ્રયાસ છે. અને બીજી રીતે કહી એતો ઇષ્ટ સત્તાએ પ્રાપ્ત થયેલા મન વાણી અને શરીરની સાર્થકતા સંબંધે સજ્જન પ્રતિપાદિત સિદ્ધાનુંસાર અદ્દય કરવાની અંતઃકરણની ઈચ્છાનુંજ આ એક પ્રથમ પરિણામી ફૂલ છે. મ્હારી અલ્પ મતિની ઉતાવળથી આ પ્રથમ ફળ સજ્જનોની સેવામાં સાદર કરતાં ઉતાવળના અવગુણે પ્રસંગે તેમાં અનેક સ્થળે વિદ્વાનોની કિંવા કલીષ્ટ છીદ્ર શોધકોની દ્રષ્ટિએ અનેક દોષ દેખાવા જેવું થવું સ્વાભાવિક છે; પરંતુ જે પરોપકારી સજ્જનો મ્હારા એ દોષ મને સમજાવી સુધારવા સયુક્ત સૂચના કરશે તેમનો આભાર માની ઈષ્ટ કૃપાએ જો કદિ પુનરાવૃત્તિ પ્રગટકરવાનો પ્રસંગ પ્રાપ્ત થશે તો તેમાં તે સુધારવા ચુકીશ નહીં.

આ કાવ્યમાં આરંભથી તે અંત સુધીમાં રસીક સંબોધની વાણી છે. તેમજ કાવ્ય પણ વિવિધ શ્લેશાર્થથી ભરપુર છે. કાળીદાસ કવિના કાવ્યાદિ ઉપર પ્રસિદ્ધ વિદ્વાન શ્રી મલ્લિનાથે સંસ્કૃતમાં ટીકા

(સ્પષ્ટિ કરણુ) કરી છે. તે ટીકાના આધારેજ મેં પણુ આ ગુજરાતી ભાષાન્તર રૂપ ટીકા કરી છે. તેમાં પ્રસંગોપાત મૂળ કાવ્યનાજ સંસ્કૃત શબ્દો જેવાને તેના લખવાની જરૂર પડી છે. તેથી વાંચનારને વિવિધ વિચાર આવવા સ્વાભાવિક છે; તેવા શબ્દોનો ઉપયોગ કરવાથી મ્હારા ઉપર ભલે કોઈ સરળ શબ્દના અજ્ઞાનનો દોષ મુકે, પરંતુ મ્હારો તો એજ આશય છે કે, ભલતી ભાષાના ભલતા શબ્દોનો ઉપયોગ કરી કાવ્યનું રહસ્ય બતાવતાં ઉલટું બગાડવા જેવું થતું હોવાથી તેના તેજ શબ્દોનો ઉપયોગ કરી પ્રચારમાં આણવા તેમજ કવિના કેટલાક આક્ષેપો મુળમાં ન હોવા છતાં અર્થની સરળતાને સારૂ ( ) આ ચિન્હમાં તે લખ્યા છે; એટલુંજ નહીં પણુ ક્વચિત પ્રસંગે મૂળ અર્થનો લાભ સાચવતાં સહજ ફેરફાર થયો હોય તો તે હંસ ક્ષીરન્યાયે દૃષ્ટાએ દરગુજર કરવા જેવા છે.

આ કાવ્યમાં કેટલાક ક્ષેપક શ્લોકો કે જે કાલીદાસના નહીં પણુ પાછલથી દાખલ થઈ દખલ રૂપે થઇ પડેલા મનાયા છે તે તદન કાઢી નાખ્યા છે. તેમજ મેઘદૂત કાવ્ય બે ભાગમાં લખાયલું છે. એટલે પૂર્વ મેઘમાં મેઘને રસ્તો બતાવતાં નાના પ્રકારની નીશાનીઓ આપી છે; અને ઉત્તરમેઘમાં કાવ્યનુ સર્વ રહસ્ય સમાવેલું છે. માટે મ્હારી વાંચકવૃંદને સંપૂર્ણ વાંચવા વિનતી છે.

કવિ શ્રેષ્ટ કાળીદાસના દેશ કાળાદિવિશે વિદ્વાનોએ વિવિધ અનુંમાનિક કલ્પનાઓ કરી છે તે તરફ નજર કરતાં મને આ કાવ્યનું ભાષાંતર લખતાં આવેલા તરંગ ઉપરથી મેં પણુ આ સાથે મ્હારૂ અનુમાન જોડયું છે, પરંતુ તે વિષે કોઇ શોધક તરફથી સંતોષ કારક નિર્ણય મળી આવશે તો પુનરાવૃત્તિમાં આભાર પૂર્વક મ્હારો દોષ સુધારી પ્રગટ કરીશ. આ કાર્યમાં મને જે મારા પ્રિય મિત્રો નિમિત્ત કારણુ રૂપ નિવડયા છે તેમ પુસ્તક પ્રસારક કંપનીએ જે આશ્રય આપ્યો છે તેમનો હું આભારી છું.

લી. કર્તા

મ. ગ. પંડિત.

કાવ્યનો સાર.

આ મેઘદૂત કાવ્યની વસ્તુ (પ્લોટ) શાસ્ત્રીય કિંવા પુરાણાદિ ઐતિહાસિક નહિ પણ કવિકુલ ભૂષણ કાળીદાસની કલ્પનાજ છે. તેની ઉત્તમતાનું વર્ણન કરવું એતો દિવાકરને દિવાથી દેખાડવા જેવું ગણાય માટે તે સંબંધે કાંઇજ બોલવું ઉચિત ધારતો નથી; પરંતુ કાવ્યનો અલ્પ સાર નીચે પ્રમાણેનો છે.

कश्चित्कान्ताविरहगुरुणा ।। એ પ્રમાણે કોઇ એક દેવયોનીનો યક્ષ પોતાના ગર્વથી કુબેરના ક્રોધને પાત્ર થતાં તેને બાર મહિના સુધિ તેની પ્રીતિના વિષયને નિજ પત્નિ સહવાસથી અળગા રહેવાનો શ્રાપ થયો તેથી રામગિર્યાશ્રમમાં વિરહવ્યથાની વેદના વેઠતાં કાળાતિ ક્રમણ કરતો હતો તેવામાં અશાડ મહિનો આવવાથી આકાશમાં દોડતા આવતા હાથીના ટોળાં જેવાં વાદળાં આવતાં જણાયાં એ વાદળાના જમાવથી ઘનઘોર થતાં એ વિરહવ્યસ્થાએ ઘાયેલાના ઘામાં અસહ્ય વેદના થવા લાગી. કારણ वर्षायाः कामजनकत्वात् ।। એમાં કામો ત્પત્તિ કરવાનો સ્વભાવ હોવાથીજ કાલીદાસે અહી કહ્યુ છે કે, मेघा लोकेभवति सुखिनोप्यन्यथा वृत्तिचेतः । कंठाश्लेष प्रणयिनि जनेकिं पुनर्दूरसंस्था મેઘ દર્શન શ્રી સહવાસી સુખીને સતાવેતો રાત્ર દિવસ રમાના કંઠવેગી રહેનાર રમણને રમણીના વિયોગમાં શુ ન કરે? ભાનજ ભુલાવે !

આ યક્ષપણ પૂર્ણ રસિક રમણ હોવાથી મેઘ દર્શનથી ભાન ભૂલી વિચાર શક્તિને વેગળી મૂકી તેજ, પાણી અને વાયુના જથારૂપ વાદળાને ચૈતન્યવાળા માણુસ સાથે કહાવે તેવો પોતાની પ્રિયતમાને સંદેશો કહાવવા કહેવા લાગ્યો. એતો સિદ્ધજ છે કે, कामार्त्ताहि प्रकृति कृपणा चेतना चेतनेषु કામીદ્ર વિરહની વેદનાથી વ્યથીતકપુરૂષ ચૈતન્યના ભેદનુ ભાન ભુલેલ હોવાથી સમજી શકતો નથી એ ન્યાયે ભાન ભૂલેલો એ યક્ષ પણ જડ મેઘસાથે સંદેશો મોકલતાં વિનતિ

કરી કહેવા લાગ્યો કે, ભાઈ આ દર્દીની દયા આણી અહીંથી હું કહું તે રસ્તેથી અલકાપુરીમાં મ્હારા વિયોગની વેદનાથી વિકળ થની મ્હારી પ્રિયાની પાસે જા તે સ્થળનો રસ્તો બતાવતાં માર્ગનું વર્ણન કરી પૂર્વમેઘ પુરો કર્યો છે. ત્યાંથી આગળ ઉત્તરમેઘમાં પોતાના રહેવાના ધામનું અતિત્યુત્તમ વર્ણન કરી તેમાં વિરહી પોતાની પ્રોષિત ભર્તૃકા પતિવ્રતા પતિ વિરહમાં પાળવા લાયક ધર્મને ઉત્તમ પ્રકારે પાળતી હશે તેનુ હૃદય દ્રાવક વર્ણન કરી અંતમાં પોતાની સ્થિતિનુ પણ કરૂણા આવે તેવું વર્ણન કરી અચેતન મેઘને દૂત કામ કરવા કહે છે એ રીતે કાવ્યનો અંત આણતા ઉતરમેઘ પણ પૂરો કર્યો છે જે વિષે અત્રે વિશેષ વિસ્તારથી લખાએ તો આગળ લખવાનુજ રહેતુ નથી માટે એટલુજ કહીશુ કે આ કાવ્યનો આરંભ તથા અંત અંતરિતજ રહેવા દઈ પૂર્ણ કાવ્ય કર્યું છે. એ કવીની કલ્પના અનંત ધન્યવાદ પાત્ર છે.

કવિ જન્મનો કાળ નિર્ણય.

જે જાતે અમર છે હાલ પણ હયાતી ભોગવે છે તે કયારે હતા? જેમ આ કલ્પના છે. કારણ મહાકવિ કાલીદાસનુ નાશવાન પંચ ભુતાત્મક શરીર કયારે ઉપજી કયારે નાશ પામ્યુ હશે તે અનિશ્ચત છે; પરંતુ તેમના નાશવાન શરીરથી થયેલી ક્રિયાઓ અધાપી પણ અકલકિંત શરદપૂર્ણીમાના પ્રકાશિત ચંદ્રવત્ પ્રકાસી પૃથ્વીતલપર અમૃત વરિષ્ટ કરી રસીકોના જીવનને પોસે છે જે અવિચળ કીર્તિના પ્રકાશે દેશાન્તો દિપી રહ્યા છે મેઘદૂત, રઘુવંશ, કુમારસંભવ, શકુંતલા, વિક્રમોર્વશી, ઋતુસંહાર, સેતુકાવ્ય, શૃંગારતિલાકદિ અનેક કાળીદાસના પુર્ણાર્થરૂપ કલાનિધિના કળાઓ આજે પણ પૃથ્વી પૃષ્ટ પર પ્રકાશી દ્રષ્ટાતે દંગ કરે છે તેનો કર્તા કવિ કાલીદાસ કયારે થયો તથા તેણે વિદ્વતા મેળવતા સરસ્વતીની પ્રીતિ કેમ મેળવી વિગેરે બાબતમાં વિવિધ દંત કથાઓ જગતની બત્રીશીએ બોલાય છે: પરંતુ નિશ્ચતિ કાળ નિર્ણય કલ્પનાના વિના કોઇ કરી શકતુ નથી

એના કાવ્યાદિ ગ્રંથોની ટીકા કરનાર પ્રસિદ્ધ ટિકાકાર શ્રી મંલિનાથે પણ કયા સૈકામાં કવિનું નાશવાન શરીર પૃથ્વીને પાદસ્પર્શે પાવન કરતુ હતુ તેને નિર્ણય કરેલો જણાતો નથી. માત્ર મેઘદૂતની ટીકામાં ચૌદમાં શોકની ટીકાકરતાં જે દીનાનાથ તથા નિચુળ નામના વિદ્વાને જણાવે છે તે ઉપર આધાર રાખીયે તો કાંઇ કલ્પના શક્તિથી ખુલાસો મળે છે. ખરો પરંતુ તે જેવો જોઇએ તેવો સંતોષકારક તો નહિંજ એટલુંજ કે વિક્રમાદિત્ય તથા ભોજના વખતમાં કવિની હયાતી હોવી જોઇએ.

પણ તે વિક્રમાદિત્ય કીયો તે હાલ ખુલાસો કરી શકમાજ રેના જેવું છે પરંતુ કાંઇક ઇતિપ્રય તો ખરૂજ ઉજ્જેણીમાં વિક્રમાદિત્ય નામ ધારણ કરનાર ઘણા રાજા થૈ ગયા તેમાં આપણે ધારવાનાતો બે એકતો શકપ્રવર્તક વિક્રમ તે તો નહીજ કારણ તેના વખતમાં વિદ્વાનોને આટલું બધુ ઉત્તેજન મળતુ નહીં.

ત્યારે કાળીદાસ ઉત્તેજન પ્રથક્ પ્રથક્ મત ચાલે છે આ બાબતમાં શંકર પાંડુરંગ પંડિત એવો નિર્ણય જણાવે છે કે " કાળીદાશ ઈ પાચમા સેકા પહેલાં થૈ ગયેલો હોવો જોઇએ " પરંતુ તે ભાગ્યેજ ખરૂ હોવુ જોઇએ અને રા. રા. દાકતર ભાઉ દાજીએ પોતાનો અભીપ્રાય એ આપ્યો છે કે (શકપ્રવતક વિક્રમ નહી પણ હર્ષ વિક્રમાદિત્ય હશે કારણ તેની સભામાં વિદ્વાનોને ઘણુજ માન મળતું હતું અને તેની પાસે મિત્ર ગુપ્ત, વેતાળભટ, ભર્તૃભટ, ભર્તૃહરિ અમરસિંહાદી રહેતા હતા તેમાં મિત્ર ગુપ્ત કાળીદાસનુ બીજુ નામ હશે" એમ જણાવે છે આ સીવાય કેટલાક વિદ્વાનોના જુદા જુદા મત છે ને તેમાં ભરૂસા રાખવાને ૭ કારણો સોધી કાડયાં છે એ કારણોથી હેવો અનુમાન થાય છે કે આ આપણો સકળ શિરોમણી કવી છઠા સૈકાના મધ્ય ભાગમાં થૈ ગયેલ હોવો જોઇએ એમ કલ્પના થઇ શકે છે નેતે કરવા યત્ન કર્યો છે.

* શક ૫૫૬ આટલે શાક ૬૩૪ ઇંગ્રેજીમાં એક એના રા-

અાંધી પ્હેલામાં પ્હેલો લેખ માલમ પડે છે ને તેમાં કવિ કાળીદાસને તથા ભારવીને પ્રખ્યાત કવી તરીકે વર્ણવેલા છે.

૨—બાણે પોતાના શ્રીહર્ષચરિત્ર નામના પુસ્તકની શરૂઆતમાં કાલીદાસને સેતુકાવ્યનાં કર્તા તરીકે ગણ્યો છે અને બાણ સાતમા સૈકામાં થયો તો કાળીદાસ ત્યાર પ્હેલાં થયેલો મનાય છે પણ કયારે તે આપરથી નક્કિ નથી.

૩ આજ હકીકત જણાવનારૂં એક બીજુ કારણ છે કે અમર કોશના પ્રખ્યાત ટીકાકારે અને ક્ષીરસ્વામી નામના વૈયાકરણીયે પોતાના પુસ્તકમાં આના લખેલાં પુસ્તકોમાંથી ઘણા માન્યસાથે દાખલા મુકયા છે અને ક્ષીરસ્વામી આઠમા સૈકામાં થૈ ગયા તેથી પણ એમ અનુમાન થાય છે કે ત્યાર પ્હેલાં થયો હશે

૪ આપણા કવીને ખગોળ તથા જ્યોતિષ શાસ્ત્રનું ઠીક જ્ઞાન હતું ને તે પોતાના પુસ્તકમાં ઘણિખરી જગોપર તે વિષે લખે છે હાવે હિંદુજ્યોતિષ્ય શાસ્રોમાં ઘણાંખરાં ગ્રીક ભાષાનાં નામો છે ને તેથી ઘણાખરા વિદ્વાનોને એમ માનવા કારણ મળે છે કે (તે નામો ગ્રીક જ્યોતિષ્યપરથી લીધેલાં છે ને ગ્રીક જ્યોતિષ્ય પ્લેટોના વખતમ સારી સ્થીતીમાં આવ્યુ એટલે ચોથા સન પછી તો તેપરથી ગનાય છે કે આપણો કવી ત્યારપછી થયેલો હોવો જોઈએ.

૫ વળી જો ગક્ષી નાથજીએ જે કહ્યું તે જો ખરૂ હોયતો તરતજ ખુલાસો થઈ જાય પૂર્વમેઘના શ્લોક ૧૪માની ટીકામાંની ચુળતથા દીનેનાથ એ બે કવીપો કાળીદાસ થૈ ગયો તે સમયમાં થૈ ગયેલા જણાવે છે ને તે દીનાનાથ છઠા સૈકાના મધ્ય ભાગમાં ભારી વીદ્વાન થૈ ગયો એમ સાધારણ મનાય છે તો આપણો કવી તેજ સમયમાં થૈ ગયેલો હોવો જોઇયે.

૬ અને વળી અહીના વિદ્વાનો ઘણુંખરૂ માને છે કે તે સાકપ્રવર્તક વિક્રમના વખતમાં થૈ ગયો એટલે ખ્રીસ્તી સન સો વર્ષ પહેલો

એતો તદન ખરૂજ છે કે તે કવી ઉજ્જેણીના વિક્રમતી

ભામાં હતો અને લોક કહાંણી પણ તેવીજ છે કે વિક્રમના આશ્રય નીચે રહેતો હતો. પરંતુ ભોજપ્રબંધમાં તો આપણા કવીને ધારાનગરીના ભોજની સભામાં મુકયો છે ને તે વાતને પ્રોફેસર વેબર ખરી માને છે ને કહે છે કે " કાળીદાશ ભોજના આશ્રયનીચે હતો કે જે ભોજને માટે કાળીદાશે પોતાના રઘુવંશ નામના પોતાના કાવ્યમાં તેને વિષે લખ્યુ છે" પરંતુ આથી એક શંકા ઉઠે છે કે રઘુવંશમાં જે ભોજની વાંત કહેલી છે તેતો વિદર્ભ દેશના કુન્દનપુરનો ભોજ પણ ધારાનગરીનો ભોજ નહી ને તે ધારાનગરીના ભોજનો આશ્રયી જો આ કાવ્યનો કરનાર કાળીદાસ હોત તો તે બે શબ્દ લખ્યા વગર રહેતજ નહીં. ઉપરાંત તેના કાવ્યોપરથી કેટલાક આંન્તર દાખલા મળી આપે છે ને તેથી તે વિક્રમનો આશ્રયી હતો એમ માનવા બાલકુલ આંચકો ખાવો પડતો નથી ને ભોજનો આશ્રયી આ કાવ્ય બનાવનાર કાળીદાસ નહી પણ કોઇ બીજોજ હશે.

ઉજ્જેણી મહાકાળ તથા શીપ્રાનદીપર રહેવાની તેની પ્રિતિ મેઘદૂત ના ૩૦ ૩૭ શ્લોકપરથી સિદ્ધ થાય છે ને તેજ પ્રમાંણે વર્ણન તેનાં બીજાં પણ જોવામાં આવે છે ઊજ્જેણીને તે હેવું ચાહાતો હતો કે તેણે તેને સ્વર્ગના એક ભાગ બરોબર માની વર્ણન કર્યું છે તથા મહાકાળનું વર્ણન પણ તેવુજ છે અને ઊજ્જેણી તથા મહાકાળનો તેને ઘણો પરીચય જણાય છે.

તે વિક્રમના આશ્રયનીચે હતો માટે તેનુ નામ અમર કરી દેવાને તેણે વિક્રમોર્વશીય નાટક રચેલુ છે આથી સાબાતી થાય છે કે કાલીદાશ વિક્રમની સભામાંજ હતો જો કે તે વિક્રમ કયો તે નક્કિ થતુ નથી તો પણ ઉપર દર્શાવેલ મી. રા. રા. દાકતર ભાઉ દાજીનો અભીપ્રાય સાચો લાગે છે.

આ ઉપર જણાવેલી દલીલો ઉપરથી તથા માલ્લીનાથની ટીકાપરથી આપણને માનવાનું કારણ મળે છે કે રઘુવંશાદી [illegible]નો [illegible] સકળ શાસ્ત્રમણી કાળીદાસ છઠ્ઠા સૈકાના મધ્યભાગમાં

થૈ ગયો.

ઉપલી છઠી દલીલપરથી તેના દેશનો પણ નીર્ણય થાય છે કે તેનો ઉજ્જેન તરફનો પ્યાર અતી હતો તેમ હીમાલયમાં પણ તેવોજ પ્યાર છે માટે તેની જન્મ ભૂમી પણ તેજ હશે કારણ સર્વ મનુષ્ય માત્રને પોતાની જન્મ ભૂમી તરફ પ્રેમ રહે એ સ્વભાવીકજ છે.

લી. ભાષાંતર કર્તા.

मेघदूत.

कश्चित्कान्ताविरहगुरुणा स्वाधिकारप्रमत्तः
शापेनास्तंगमितमहिमा वर्षभोग्येण भर्तुः ।
यक्षश्चक्रे जनकतनयास्नानपुण्योदकेषु
स्निग्धच्छायातरुषु वसतिं रामगिर्याश्रमेषु ॥ १ ॥

અર્થ—સ્વકાર્યમાં ગફલત થવાથી, પોતાની સ્ત્રીના વિયોગથી, [1]દુસ્તર એક વર્ષના, પોતાના અધિપતિ કુબેરના શ્રાપ વડે નષ્ટ સામર્થ્યવાલો કોઇ [2]યક્ષ સીતાના સ્નાનથી પવિત્ર જલ તેમ છાયા પ્રધાન વૃક્ષોવાળા રામ[3]ગીરી આશ્રમમાં પોતાનુ રેહાણુ કરતો [4]હતો. ॥ ૧ ॥

तस्मिन्नद्रौ कतिचिदबलाविप्रयुक्तः स कामी
नीत्वा मासान्कनकवलयभ्रंशरिक्तप्रकोष्टः ।
आषाढस्य प्रथमदिवसे मेघमाश्लिष्टसानुं
वप्रक्रीडापरिणतगजप्रेक्षणीयं ददर्श ॥ २ ॥

અર્થ—તે ચિત્રકુટ પર્વતમાં સ્ત્રી વિયોગી સુવર્ણ [5]વલયના પડી જવાથી સુન્ય પોચાવાલો, [6]તે કામી આઠ મ્હીના ગાલી અસાડ સુદ ૧ ને દિવસે શિખરે ભેટેલા—ખોદવાની રમતમાં વાંકા દંત પ્રહાર કરનાર મદોન્મત હાથીની માફક જોવા લાયક "મેઘ" ને જોતો હતો—॥ ૨ ॥

---

૧ બળાત્કારે ભોગવાય તેવી. ૨ કાન્નર-દેવની જાત ૩ ચિત્રકુટ પર્વત. ૪ આ શ્લોકમાં વિપ્રલંભાખ્યા નામનો શૃંગાર રસ છે. અને ઉન્માદાવસ્થા સુચવી છે. સીતાના પ્રત્યે રામનો સંદેસો મનમાં રાખી અહી કવીએ મેઘ સંદેસો કર્યો છે. આ કાવ્યમાં સર્વત્ર મંદ કાન્તા છંદ છે.

[illegible] ૬ મતલબકે સ્ત્રી વિરહદુઃખથી સુકાએલો.

तस्य स्थित्वा कथमपि पुरः कौतुकाधानहेतो-

रन्तर्बाष्पश्चिरमनुचरो राजराजस्य दध्यौ ।

मेघालोके भवति सुखिनोऽप्यन्यथावृत्ति चेतः

कण्ठाश्लेषप्रणयिनि जने किं पुनर्दूरसंस्थे ॥ ३ ॥

અર્થ—તે કુબેરનો [1]અનુચર યક્ષ. પોતાના [2]અભીલાશને ઉત્પન્ન થવાના કારણ વાલા તે મેઘના સાંમે ઘણા પ્રયત્ને ઉભો રહીને ઘણીવાર સુધી વિચાર્યું કે મેઘ (વર્ષા રૂતુ)નુ દર્શન થએ છતે (સ્ત્રયાદિ કુટુંબમાં રહેલ) સુખી માણસનુ ચિત્ત [3]વિકારવાળુ થાય છે. (તો પછી) હમેશાં કંઠમાં બહાજી રહેવાની ઈચ્છાવાળો પુરૂષ દુર દેશ રહે તે શું કહેવું? (વિરહીને એથી બીજું શું દુઃખ?) ॥ ૩ ॥ ×

અવતરણીકા—હવે સાવધાન્તઃ કર્ણવાળો શું કરેછે તે કવિ કહે છે—

प्रत्यासन्ने नभसि दयिताजीवितालम्बनार्थी

जीमूतेन स्वकुशलमयीं हारयिष्यन्प्रवृत्तिम् ।

स प्रत्यग्रैः कुटजकुसुमैः कल्पितार्घाय तस्मै

प्रीतः प्रीतिप्रमुखवचन स्वागतं व्याजहार ॥ ४ ॥

અર્થ—જે ઘણો કાળ વિચાર કરતો હતો તે યક્ષ શ્રાવણ માસ નજદીક આવ્યો [1]એટલે પોતાની પ્રિયાના પ્રાણ ધારણ રૂપ અર્થવાળુ, તે [2]જળ ધરની સાથે [3]સ્વકુશળ વૃતાંત મોકલશે. તે યક્ષ પર્વતના શિખરમાં થએલા નવિન પુષ્પોએ જેને માટે

---

૧ નોકર. ૨ સ્ત્રીને મળવાની ઇચ્છા ૩ મતલબકે સ્ત્રીને મળવાની ઇચ્છા થાય છે × આ શ્લોકમાં અર્થાન્તર ન્યાસ નામે અલંકાર છે,—

૧ અહી સંસ્કૃત નિમ પ્રમાણે સતી સપ્તમીનો પ્રયોગ છે પણ તો ગુજરાતી (છતાં) એવો અર્થ સારો નહી લાગવાથી એટલે અર્થ કર્યો છે. ૨ મેઘ ૩ સંદેસો.

[4]અર્ધ્ય બનાવ્યો છે; તે મેઘને પ્રેમાળ વચનોથી કુશલા ગમન પુછતો હતો. ॥ ૪ ॥ ×

અવતરણીકા—ચેતનસાધ્ય અર્થ કેમ એ અચેતન મેઘની પાસે કરાવા પ્રવૃત્ત થયો એ શંકાની મહા કવિ સમાધાની કરે છે—

धूमज्योतिःसलिलमरुतां संनिपातःक्व मेघः
संदेशार्थाः क्व पटुकरणैः प्राणिभिः प्रापणीयाः ।
इत्यौत्सुक्यादपरिगणयन्गुह्यकस्तं ययाचे
कामार्त्ता हि प्रकृतिकृपणाश्चेतनाचेतनेषु ॥ ५ ॥

અર્થ—ધુમાડો, તેજ, જળ, અને પવન, એ સઘળાનો સમુહ જે મેઘ તે કયાં ?! અને સમર્થ ઇંદ્રિઓવાલા માણુસની સાથે મોકલવા યોગ્ય સંદેસો તે [1]કયાં ?! એ આશ્ચર્ય નહી ગણુતો તે [2]ગુહ્યક મેઘ પાંસે માગતો હતો (કારણુ) [3]મદનાતુર પુરૂષો ચેતન અને અચેતન વસ્તુને વિશે [4]સ્વભાવદીના હોય છે. × ॥ ૫ ॥

जातं वंशे भुवनविदिते पुष्करावर्तकाना
जानामि त्वां प्रकृतिपुरुषं कामरूपं मघोनः ।
तेनार्थित्वं त्वयि विधिवशादूरबन्धुर्गतोऽहं

---

૪ અતીથીની પુજાનો સામાન × ઉત્પન્ન થએલા અનર્થને અટકાવ્યા કરતાં તેને ઉત્પન્નજ થવા દેવો એ સારૂ એ ન્યાયને અનુસરી તેણે આ સંદેસો મોકલ્યો છે કારણ वर्षाकालस्य विरह दुख जनकत्वात् ।

૧ મેઘના અચેતનપણાને લીધે સંદેસો મોકલવાને એ અયોગ્ય છે એ અર્થ. ૨ યક્ષ ૩ કામાતુર ૪ મુર્ખ × કામાન્ધ પુરૂષોને યુક્તા યુક્ત વિવેક સુન્યપણુ હોવાથી અચેતન વસ્તુ મેઘની પાસે જે यांचा (ભીખ) તે વિરૂદ્ધ નથી અહી મેઘના સંદેસાને વિરૂદ્ધપણુ હોવાથી વિષમાલંકાર

याङ्चा मोघा वरमधिगुणे नाधमे लब्धकामा ॥ ६ ॥

અર્થ—હે મેઘ; ત્રીભુવનમાં વિખ્યાત પુષ્પ [1]કરાવર્તકોના વંશમાં પેદા થએલ (પર્વતાદિને વિશે જઈ શકે માટે) ઈચ્છાવિન શરીરવાલો, ઇંદ્રનો પ્રધાન પુરૂપ હું તને જાણું છું (તેથી) કીષ્મતને યોગે હું વિયોગી તારી પાસે [2]અર્થીપણાને પામ્યો છું (કારણ) અધિક ગુણવાળાને વિશે નિષ્ફળ ભીખ તે (પણ કાંઈક) [3]સારી પણ નિચ ગુણ વાળા પુરૂપને વિશે સફળ ભિખ પણ સારી નથી. ×

संतप्तानां त्वमसि शरणं तत्पयोद प्रियायाः

संदेशं मे हर धनपतिक्रोधविश्लेषितस्य ।

गन्तव्या ते वसतिरलका नाम यक्षेश्वराणां

बाह्योद्यानस्थितहरशिरश्चन्द्रिकाधौतहर्म्या ॥ ७ ॥

અર્થ—હે [1]પયોદ, તુ [2]સંતપ્ત પુરૂષોનો [3]રક્ષક છે માટે કુબેરના ક્રાધવડે પ્રિયાથી જુદા પડેલાનો મારો સંદેશો મારી પ્રિયાની (તરફ) લેઈજા (તે કયાં છે અને તેની નિશાની શું છે તેસાંભળ) બહાર [5]ઉદ્યાનમાંના ભગવાન ભવાંની શંકરના મસ્તકમાં રહેલ ચંદ્રિકાએ ધોળી હવેલીઓવાળી યક્ષેશ્વરોના રેહાણવાળી અલકાનગરી છે ત્યાં [6]તારે જવું ॥ ૭ ॥

અનતરણ—મારે સારૂ જનાર તને પ્રોષિત ભર્તૃકાનુ આનુસંગીક આશ્વાસનીય ફળ થશે તે સાંભળ

---

૧ મેઘની જાત. ૨ અર્થવાળો ભીખારી—ગર્જુ ૩ શાથી—दातुर्गुणाढ्यत्वात्प्रियत्वं. × આમાં પ્રેમોલંકારછે.

(૧) મેઘ પય=પાણી અનેદ=દેનાર (૨) તાપથી—પ્રવાહ વિરહથી વા જ્વરથી તપેલ (૩) વર્ષવાથી ખીન્ન આતપ પુરૂષોને સ્વસ્થાને પ્રતિ ગમન કરવાનુ સુચવે છે (૪) સંદેશો લેઈ જવા વડે હમારા બંન્નેનો સંતાપ દુર કર (૫) બ્હારની વાડી (૬) ત્યાં મારી સ્ત્રી છે.

त्वामारूढं पवनपदवीमुद्गृहीतालकान्ताः

प्रेक्षिष्यन्ते पथिकवनिताः प्रत्ययादाश्वसन्त्यः ।

कः संनद्धे विरहविधुरां त्वय्युपेक्षेत जायां

न स्यादन्योऽप्यहमिव जनो यः पराधीनवृत्तिः ॥ ८ ॥

અર્થ— [1]વિશ્વાસવાળીયો પોતાના કેસના છેડા (દ્રષ્ટિ પ્રસારાર્થે) ઉંચા ઝાલી પ્રોષિત [2]ભર્તૃકાયો આકાશ માર્ગે ચઢેલાને તને જોશે [3](મેઘના આવવાથી પ્રદેશ નીવાસે કેમ જાણ્યું સ્વ-સ્થાંને આવશે તે શંકામાં કવી સમાધાંન આંપે છે કે) તારૂ [4]આગમન થએ છતે કામ વ્યાકુળ પોતાની સ્રીની; મારા સિવાય બીજા કોઈ મારીપેકે પરાધીન ન હોય તે કોણ ઉપેક્ષા કરે? ॥ ૮ ॥

અવતરણ—અને વળી તેને શુકન પણ સારા થાય છે જો

मन्दं मन्दं नुदति पवनश्चानुकूलो यथा त्वां

वामाश्चायं नदति मधुरं चातकस्ते सगन्धः ।

गर्भाधानक्षणपरिचयान्नूनमाबद्धमालाः

सेविष्यन्ते नयनसुभगं खे भवन्तं बलाकाः ॥ ९ ॥

અર્થ—સાનુકુળ પવન તને ધીમે ધીમે [1]પ્રેરે છે. તથા તારી ડાબી બાજુએ [2]સગર્વ ચાતક પક્ષી પણ મધુર શબ્દ કરે છે; અને ગર્ભ ધારણ કરવામાં ઉત્સવના પરિચયથી આકાશમાં બદ્ધ પંક્તિ-[3]વાળી બગલીઓ દ્રષ્ટિ પ્રિય આપને નક્કિ શેવશે ॥ ૯ ॥

---

૧ મેઘના દિવસોમાં પતિ ઘેર આવશે એ વિશ્વાસ प्रिया गम न विश्वासात् ૨ જેનો ધણી પરગામ ગયો હોય તેવી સ્રી. ૩ ધણીજ ઉત્કંઠાએ તારા સામુ જોશે. ૪ વર્ષારૂતુ આવ્યે છતે. ૫ મતલબ કે મારા સિવાય બીજો કોઇ સ્રીની બેદરકારી કરે નહી.

૧વાય છે ૨અભીમાની—આબે સુભ સુચક શુકનો છે. ૩બગલીયો મેઘોદક અદ્ધર ઝીલીને ગર્ભ ધારણ કરે છે. માટે આકાશમાં બદ્ધ પંક્તિ વિશેષણ છે (જુવો કર્ણોદયે “ गर्भं बलाका दधतेऽभ्रयोगान्नाके निबद्धावलयः समन्तात् ” આ શ્લોકમાં સુભશુકન સુચવ્યા છે. જુવો શુકનશાસ્ત્રમાં) અનુકુળ પવન વીગેરે ને શુકનપણું સુચવ્યું છે.

અવતરણ—તેણીના નાશથી કીંવા વ્રતભંગથી આ; તારો પ્રયાસ નકામો છે. એમ નથી.

तां चावश्यं दिवसगणनातत्परामेकपत्नी-

मव्यापन्नामविहतगतिर्द्रक्ष्यसि भ्रातृजायाम् ।

आशाबन्धः कुसुमसदृशं प्रायशो ह्यङ्गनानां

सद्यःपाति प्रणयि हृदयं विप्रयोगे रुणद्धि ॥ १० ॥

અર્થ—હે, મેઘ "[1]શાપાન્તે મ્હારો પતિ આવશે" એમ બાકી રહેલ દિવસોની ગણત્રી કરવામાં [2]તત્પર અને તેથીજ કરીને જીવતી પતિવ્રતા ત્હારી [2]ભોજાઇ જે મ્હારી પ્રિયા તેને તું અવિચ્છિન્ન ગતિવાળો જોઇશ. (શાથીકે) આશા રૂપ જે [3]બંધ છે. તે સ્ત્રીઓના પ્રેમયુક્ત સુકોમળ—વિરહાવસ્થામાં તત્કાળ નાશવંત જીવીતને તે ઘણું કરીને રોકી રાખે છે.–

અવતરણ—હાવે તેને (મેઘને) રસ્તામાં મિત્રની સંપત્તિ કહુંછું.

कर्तुं यच्च प्रभवति महीमुच्छिलीन्ध्रामवन्ध्यां

तच्छ्रुत्वा ते श्रवणसुभगं गर्जितं मानसोत्काः ।

आ कैलासाद्बिसकिसलयच्छेदपाथेय न्तः

संपत्स्यन्ते नभसि भवतो राजहंसाः सहायाः॥११॥

અર્થ—જે આપની કરેલી ગર્જના; ઉગેલી [1]કદળીવાળી પૃથ્વીને સફળ કરવાને શકિતમાન થાય છે. તે ગર્જના માનસરોવરમાં ઉત્કંઠા [2]રાખનાર મૃણાલ કમળના છેદ રૂપ [3]ભાથાવાળા રાજહંસો સાંભળીને આકાશમાં કૈલાશ પર્વત સુધી આપને [4]સહાયાત્રા થશે. ॥ ૧૧ ॥

---

૧ જુવોઉત્તરમેઘશ્લોક.૪૭.૨ જુવો ઉત્તરમેઘશ્લોક૨૪ ૨ આવિશેષણથીમાતાસમાન, જોવા લાયક. + અર્થાંતર ન્યાસાલંકાર. ૩ કે મારો ધણી ઘેર આવશે એ આશા.

૧ કેળ. ૨ વર્ષારૂતુ ગયા બાદ માનસરોવરમાં હીમ પડે છે. ને તે હંસોને રોગકારક છે. જેથી બીજા સ્થાને ગએલ હંસ ત્હારી ગર્જના સાંભળી પોતાના પ્રિય સ્થાનક; માનસરોવરમાં પાછાં આપની સાથે આવશે. ૩ વટેમાર્ગુએ રસ્તામાં ખાવા રાખેલી વસ્તુનું નામ અહી હંસને માસુનીસ્થાને મૃણાલકમળના દાંડા હતા. ૪ સોબત.

आपृच्छस्व प्रियसखममुं तुङ्गमालिङ्ग्य शैलं

वन्द्यैः पुंसां रघुपतिपदैराङ्कितं मेखलासु ।

काले काले भवति भवतो यस्य संयोगमेत्य

स्नेहव्यक्तिश्चिरविरहजं मुञ्चतो बाष्पमुष्णम् ॥ १२ ॥

અર્થ—હે મેઘ દરેક વર્ષાઋતુમાં તારો સંયોગ પામીને ઘણા કાળના વિરહજન્ય ઉનાં આંસુ [1]મુકતા આ ત્હારા પ્રિયમિત્ર ચિત્રકુટ પર્વતનો પ્રેમાવિર્ભાવ જણાય છે. તેથી મનુષ્યોએ પુજવા યોગ્ય [2]રઘુપતિનાં પગલાંવડે મધ્ય ભાગમાં ચિહિત તેમજ ઉન્નત આ ત્હારા મિત્રને ભેટીને પુછ કે હે મિત્ર હું જઉ? ॥ ૧૨ ॥

અવતરણીકા—હવે મેઘને અલકા જવાનો માર્ગ દેખાડે છે.

मार्गं तावच्छृणु कथयतस्त्वत्प्रयाणानुरूपं

संदेशं मे तदनु जलद श्रोष्यसि श्रोत्रपेयम् ।

खिन्नः खिन्नः शिखरिषु पदं न्यस्य गन्तासि यत्र

क्षीणः क्षीणः परिलघु पयः स्रोतसां चोपभुज्य ॥ १३ ॥

અર્થ—હે મેઘ; તું મ્હારી પાસેથી (પ્રથમ) ત્હારી મુસાફરીને અનુકુળ માર્ગ સાંભળ; અને ત્યાર પછી શ્રવણેન્દ્રિને પ્રિય મારો સંદેસો તે તું સાંભળજે જે માર્ગમાં થાકેલો તુ પર્વતમાં વિસામો લઇને નદિયોનુ અતિ હલકુ જળ પીને તુ જઈશ. (તે માર્ગમાં સાંભળ) ॥ ૧૩ ॥

अद्रेः शृङ्गं हरति पवनः किंस्विदित्युन्मुखीभि

र्दृष्टोत्साहश्चकितचकितं मुग्धसिद्धाङ्गनाभिः ।

---

૧ આ વિશેષણવડે અતિ સ્નેહ દર્શાવે છે. પોતાનું પ્યારૂ મનુષ્ય જ્યારે મળે ત્યારે અશ્રુપાત થાય એ સ્વાભાવિક છે. ૨ રામચંદ્ર ચિત્રકુટ [illegible] વાસ કરેલો માટે ત્યાં પગલાં પડેલાં એ પ્રમાણે ચિત્રકુટ [illegible] મોટાપણું તેમ પવિત્રપણાથી સંભાવવાને યોગ્ય વર્ણવ્યો.

स्थानादस्मात्सरसनिचुलादुत्पतोदङ्मुखः खं
दिङ्नागानां पथि परिहरन्स्थूलहस्तावलेपान् ॥ १४ ॥

અર્થ—વાયુ ચિત્રકુટ પર્વતનુ શિખર લેઇને જાય છે કે [1]શુ એમ ! શકાએ ઊંચ્યા મુખવાળી દેવલોકની યુવા સ્ત્રીઓએ આશ્ચર્યકારક જેમ હોય તેમ દીઠેલા આશ્ચર્યવાળો તુ લીલા નેતરવાળા આસ્થા નથી. આકાશ માર્ગે દિગ્ હસ્તિની જાડી સુંઢયોના વિસ્તારને નહી ગણે તો [2]ઉત્તર મુખ થઇ આકાશ માર્ગે ચાલ્યો જા— (અહી મલ્લીનાથ બીજો અર્થ પણ કરે છે.) કાળીદાસ પંડિતનો સહાધ્યાઈ રસિક નિચુલ નામનો મ્હાકવી પરા પાદીત કાળીદાસ પ્રબંધ દુસણુનો પરી હતોવાળા આસ્થાં નથી. નિર્દોશપણાથી ઉંચે મોઢે સારસ્વત માર્ગે કાળીદાસના પ્રતિપક્ષી [3]દિઙ્નાગાચાર્યના હસ્ત વિન્યાસ પૂર્વક દુષણોને છોડી દેતો (નહી ગણુતો) પર્વત બરોબર તેનુ પ્રધાનપણું પવન લેઈ જાય છે કે શું ? એ હેતુથી સારસ્વત સિદ્ધ મહાકવિની અંગનાઓએ દીઠેલા ઉત્સાહવાળો ઉચવધ. ॥ ૧૪ ॥ *

रत्नच्छायाव्यतिकर इव प्रेक्ष्यमेतत्पुरस्ता
द्वल्मीकाग्रात्प्रभवति धनुःखण्डमाखण्डलस्य ।
येन श्यामं वपुरतितरां कान्तिमापत्स्यते ते
बर्हेणेव स्फुरितरुचिना गोपवेषस्य विष्णोः ॥ १५ ॥

અર્થ—આ રાફડાથી (મ્હોટા ટેકરાંથી) પદ્મરાગમણીના રંગના જેવો જોવા લાયક ઉગતા ઇંદ્રના ધનુષ્યના કડકાથી

---

૧ મેઘ ચિત્રકુટ પર્વતપર આવેલો (પૂર્વ મેઘ શ્લોક ૨ જો જુઓ) ને ત્યાંથી જુદો પડે ત્યારે એ કાળો માટે દેવની સ્ત્રી આવુ અનુમાન કરે. ૨ ઉતરમાં પોતાની અલકાનગરી છે માટે ૩ કાળીદાસના શત્રુનુ નામ × આવું કાળીદાસનુ જે બોલવું તે પોતાના પ્રત્યે કીવા પોતાના યશ રૂપ બંધનના પ્રત્યે છે આ અર્થ કાળીદાસની ઉત્પતિ શોધી કાઢવામાં એક કારણ જણાય છે.

સ્ફુરીત કાંન્તીવાળા મોરના પીછાંથી ભગવાન કૃષ્ણનુ જેમ તેમ તારૂ શ્યામ શરીર ઘણી શોભાવાળું [1]થશે. ॥ ૧૫ ॥

त्वय्यायत्तं कृषिफलमिति भ्रूविलासानभिज्ञैः
प्रीतिस्निग्धैर्जनपदवधूलोचनैः पीयमानः ।
सद्यः सीरोत्कषणसुरभि क्षेत्रमारुह्य मालं
किंचित्पश्चाद्व्रज लघुगतिर्भूय एवोत्तरेण ॥ १६ ॥

અર્થ—પ્રેમાર્દ્ર [2]ભ્રુવિકારોને નહી સમજનાર જનપદ (દેશ)ની સ્ત્રીઓનાં નેત્રોથી આદર પૂર્વક જોવા તો તું; હળના ખેડવાથી સુગંધીમય માળવદેશમાં વૃષ્ટિ કરીને કાંઈક ઉતાવળી ગતીવાળો ફરીથી પાછુ તારૂ ઉત્તર દિશા (અલકા) તરફ પ્રયાણ કરજે. ॥ ૧૬ ॥

त्वामासारप्रशमितवनोपप्लवं साधु मूर्ध्ना
वक्ष्यत्यध्वश्रमपरिगतं सानुमानाम्रकूटः ।
न क्षुद्रोऽपि प्रथमसुकृतापेक्षया संश्रयाय
प्राप्ते मित्रे भवति विमुखः किं पुनर्यस्तथोच्चैः ॥ १७ ॥

અર્થ—હે મેઘ ધારા વૃષ્ટિવડે દાવાગ્નીને સમાવનાર રસ્તાના થાકથી થાકી ગએલ તેમ પેલ્લાં કરેલા ઉપકારવાળાને તને શિખરવાળો આમ્રકુટ પર્વત સારી રીતે પોતાને માથે. (શીખરે) બેસાડશે

૧ આ શ્લોકમાં ઇંદ્ર ધનુષ્યને મોરના પીછાં સાથે તથા મેઘને કૃષ્ણ સાથે સરખાવ્યો છે માટે આ સદૃષ્ટાલંકાર થયો. મેઘશ્યામ તથા કૃષ્ણશ્યામ પીછું રંગીન તેવું ઇંદ્ર ધનુષ્ય પણ રંગીન માટે એ વાત ઘટે છે. ૨ ભ્રુ=એટલે ભ્રમર નેત્રની.

+ આ શ્લોકથી પહેલેજ પ્રસંગે સુખ લાભની પ્રાપ્તી સુચવી છે. માટે આગળ કાર્યની સિદ્ધિ સુચવે છે જુઓ નીમીત્ય નિદાન—प्रथमा वस ...पस्य सौख्यं तस्या विलेख्यानि ॥ शिवं भवति त्रागमन्येषा तथा

કારણ પોતાનો મિત્ર આવ્યા છતાં ક્ષુદ્ર માણસ પણ પોતાના ઉપર કરેલા ઉપકારનો બદલો વાળવાને વિમુખ નથી થતો તો પછી ઉંચો પર્વત કેમ વિમુખ થશે. ? (નહીજ થાય)॥ ૧૭ ॥

छन्नोपान्तः परिणतफलद्योतिभिः काननाम्रै-

स्त्वय्यारूढे शिखरमचलः स्निग्धवेणीसवर्णे ।

नूनं यास्यत्यमरमिथुनप्रेक्षणीयामवस्थां

मध्ये श्याम स्तन इव भुवः शेषविस्तारपाण्डुः ॥ १८ ॥

અર્થ—હે સ્યામ વર્ણવાળા મેઘ; તું જ્યારે શિખરપર ચઢીશ. ત્યારે પાકેલા ફળથી શોભાયમાંન; વનના આંબા વડે ઢંકાએલા પાર્શ્વ ભાગવાળો અચળ પર્વત તારા ચઢવાથી વચ્ચે કાળો; અને બાકીનો ભાગ પીળો હોવાથી. પૃથ્વીનું સ્તન ન હોય શું ? તે પ્રમાણે. આકાશમાં ફરનાર દેવલોકને જોવા લાયક અવસ્થાને પ્રાપ્ત થશે ॥ ૧૮ ॥ *

स्थित्वा तस्मिन्वचनवधूभुक्तकुंजे मुहुर्त

तोयोत्सर्गद्रुततरगतिस्तत्परं वर्त्म तीर्णः ।

रेवां द्रक्ष्यस्युपलविषमे विन्ध्यपादे विशीर्णम्

भक्तिच्छेदैरिव विरचितां भूतिमङ्गे गजस्य ॥ १९ ॥

અર્થ—હે મેઘ; વનચરોની વધૂઓએ ભોગવેલી [1] કુંજલત્તા વાળા ચિત્રકુટ પર્વતમાં એક [2] મુહૂર્ત વારજ વિસામો લેઈ વૃષ્ટિ કરવાથી ઉતાવળી ગતીવાળો તે ચિત્રકુટથી બીજે કેટલોક માર્ગ ઓળંગી

× જેમ કોઇ ક.મી થાકીને કામીનીના કુચ કળસમાં વિશ્રાંમ લે છે તેવી મતલબ છે.

(૧) આથી એને ત્યાં નયન વિનોદ થશે એ ભાવ છે. (૨) સ્વકાર્યનો વિરોધ થાય માટે વધારે વાર નહી. × આપણુ તને મોટાં નયન કૌતુક લાભ છે કેમકે વિન્ધ્યાચળ મોટા હાથી જેવડો ને રેવા નદી ભપકીરામણ જેવી દેખાય તે પણ એક નેત્રોત્સવ

પથ્થરોથી અસ્પષ્ટ વિંધ્યાદ્રિના પાયાદમાં ચારે તરફ વહેતી રેવા નદીને હાથીના શરીરનાં વિવિધ રંગની રચનાઓના કકડા વડે કાઢેલા શણગારની પેઠે તુ જોઈશ * ॥ ૧૯ ॥

तस्यास्तिक्तैर्वनगजमदैर्वासितं वान्तवृष्टि-

र्जम्बूकुञ्जप्रतिहतरयं तोयमादाय गच्छेः ।

अन्तःसारं घन तुलयितुं नानिलः शक्ष्यति त्वां

रिक्तः सर्वो भवति हि लघुः पूर्णता गौरवाय ॥ २० ॥

અર્થ—હે વાંત [1]વૃષ્ટિ મેઘ; વન ગજોના તિખા રસવાળા મદોથી [2]સુગંધી; અને લતા ગૃહો (ના અટકાવ) વડે ધીમા વેગવાળુ તે રેવા નદીનુ પાણીપીને તુંજજે એટલે મધ્યે બળ (સાર) વાળાને તને આકાશ વાયુ તેમજ શરીર સ્થળ વાયુ. [3]તોલવાને શક્તિમાન નહી થાય કારણ [4]સાર (બળ) સુન્ય સર્વ કોઈ [5]લઘુ થાય છે પરંતુ સાર વત્તા ગુરૂપણા માટે છે ॥ ૨૦ ॥

नीपं दृष्ट्वा हरितकपिशं केसरैरर्धरूढै-

राविर्भूतप्रथममुकुलाः कन्दलीश्चानुकच्छम् ।

जग्ध्वारण्येष्वधिकसुरभिं गन्धमाघ्राय चोर्व्याः

सारङ्गास्ते जललवमुचः सूचयिष्यन्ति मार्गम् ॥ २१ ॥

અર્થ—એક બાજુ ઉગેલી ઝીણી રૂવાટી રૂપ કેશરવડે લીલા, કાળા, પીળા રંગવાળા કદ મકુસુમ જોઈને ત્યા. પ્રથમો

૧ વૃષ્ટિ રૂપ ઓકારી કરી છે જેણે (૨) હિમાલયને તથા મલીયાચલને હાથીના પ્રભાવસ્થાનપણુ છે માટે એ વિશેષણુ યોગ્ય છે (૩) હલાવાને—કંપાવાને (૪) બળ—તત્વ (બુદ્ધિ) (૫) હલકો થાય છે. એટલે જેનામાં તત્વ નથી એટલે ખાલી વસ્તુને હલાવાને જરા સરખી વસ્તુ પણ શક્તિમાંન થાય છે પરંતુ સાર (તત્વ) વાળી વસ્તુને કોઈ હલાવી શકતુ નથી બીજો આ શ્લોકનો કલ્પીત અર્થ એવો થાય છે કે. સાર સુન્ય બુદ્ધિ વગરના માણસને કોઇ ગમે તેમ ભમાવી શકે પરંતુ બુદ્ધિવાળ... એધણો ઉચિત અર્થ છે

તેમજ કેળાના દોડા ખાઈને પૃથ્વીનો ગંધ લઇને [1]સારંગ પક્ષીઓ જળ કરણના વરસનારના તમારા માર્ગની સુચના [2]કરશે ॥ ૨૧ ॥

उत्पश्यामि द्रुतमपि सखे मत्प्रियार्थं यियासोः

कालक्षेपं ककुभसुरभौ पर्वते पर्वते ते ।

शुक्लापाङ्गैः सजलनयनैः स्वागतीकृत्य केकाः

प्रत्युद्यातः कथमपि भवान्गन्तुमाशु व्यवस्येत् ॥ २२ ॥

અર્થ—હે મિત્ર, મ્હારી પ્રિયાને સારૂ જેમ બને તેમ જવાને ઇચ્છનારને તને પુષ્પની સુગંધીવાળા પર્વતમાં વાર [3]લાગશે; એમ હું અનુમાન કરૂંછું માટે સાનંદાશ્ર મોરની [4]વાણીનો અતિથી તુ જેમ બને તેમ જલદી જવા પ્રયત્ન કરજે ॥ ૨૨ ॥

पाण्डुच्छायोपवनवृतयः केतकैः सूचिभिन्नै-

र्नीडारम्भैर्गृहबलिभुजामाकुलग्रामचैत्याः ।

त्वय्यासन्ने परिणतफलश्यामजम्बूवनान्ताः

संपत्स्यन्ते कतिपयदिनस्थायिहंसा दशार्णाः ॥ २३ ॥

અર્થ—વર્ષા રતુ પાસે આવ્યા છતાં ખીલેલા કેવડાના દોડા-

---

(૧) સારંગ એટલે મતંગજ=કળીયાર મૃગ અને ભૃગ વીગેરે અર્થ થાય છે જુઓ વિશ્વ કોશ. सारङ्गे चातके भृङ्गे कुरङ्गे चमतं गजे;

૨ જ્યાં જ્યાં પ્રષ્ટિ કાર્ય કેળના દોડા કમળ પુષ્પાંદી જણાય છે. ત્યાં ત્યા તારી વૃષ્ટી થવાનું અનુંમાન થાય છે (૩) કારણ તું ત્યાં સુગંધી લેવા રહીશ માટે [૪] મોર મેઘને જોઇને કળા કરી રડે તથા બોલે પણ ખરા માટે એ સાનંદાશ્ર વિશેષણ મુક્યાં છે આ શ્લોકમાં પરીણામ લંકાર છે જુઓ અંક.૨ સર્વસ્વ—आरोप्य माणस्य प्रकृता प्रयोगित्वे परिणामः

પૂઆ વાત स्वागति कृतकेकाः આં ઉપરથી સિદ્ધ થાય છે.

થી પીળા વર્ણની ઉપવનની વાડયો વાળા (તથા) કાગડા વિગેરે ગ્રામ પક્ષિયોના માળા કરવાના આરંભથી કાંટાવાળા શેરીયોના વૃક્ષો વાળા તેમજ પરી પકવ ફળ વાળાં જાંબુડાના વૃક્ષોથી સુંદર તથા ઘણા દિવસના રહેવાશી હંસો મય વિવિધ પ્રકારના દશાર્ણ દેશો (તને) પ્રાપ્ત થશે ॥ ૨૩ ॥

तेषां दिक्षु प्रथितविदिशालक्षणां राजधानीं

गत्वा सद्यः फलमविकलं कामुकत्वस्य लब्धा ।

तीरोपान्तस्तनितसुभगं पास्यसि स्वादु यस्मा-

त्सभ्रूभङ्गं मुखमिव पयो वेत्रवत्याश्चलोर्मि ॥ २४ ॥

અર્થ—ચારે દિશામાં પ્રસિદ્ધ તે દશાર્ણ દેશની વિદિશા નામે રાજ્યધાનીમાં જઈને તરત વિલાસી પુરૂષોનુ સમગ્ર ફળ તું પામીશ સાથી કે કાંઠામાની ગર્જનાએ સુંદર હોય તેમ ભ્રકુટી યુક્ત મધુર ચંચલોર્મિવેત્ર વતી નદીના મુખનુંજ જેમ તેમજ પયનુ તું પાન કરીશ ॥ ૨૪ ॥ ×

नीचैराख्यं गिरिमधिवसेस्तत्र विश्रामहेतो-

स्त्वत्संपर्कात्पुलकितमिव प्रौढपुष्पैः कदम्बैः ।

यः पण्यस्त्रीरतिपरिमलोद्गारिभिर्नागराणा-

मुद्दामानि प्रथयति शिलावेश्मभिर्यौवनानि ॥ २५ ॥

અર્થ—ત્યાં વિદિશા સમીપે મોટાં કંદબ પુષ્પો વડે તારા સંસર્ગથીજ [1]પુલકિત હોય તેમ; વેશ્યા સ્ત્રિયોની સંભોગ ક્રિયામાના

× સ્ત્રી સંભોગમાં અધર પાન તે જગો પર પયપાન અહીં વર્ણવ્યું છે कामिना मधरसस्वादः सुरतादतिरिच्यते

અર્થ—કામીયોને સંભોગ કરતાં પણ અધર પાન વિષેશ છે. તેમજ (ગર્જનાએ) એ શબ્દથી સંભોગનો પણ વ્યપ દેશ થાય છે (ऊर्ध्वं मुखलित कंठना सिकं हुंकृतेस्त नित मल्पधाषोत्)આ સંભોગ ના વિલાશનું પુણ ફળ પામવાનું છે.

[1] ... વસ્તુની પ્રાપ્તી સમયે રૂવાડાંનું ખીલવું=પ્રેમા વિર્ભાવ

[2]ગંધને પ્રસિદ્ધ કર્તા પથ્થરની છાટો વડે ગામની [3]સ્ત્રીયોના ગાઢ યૌવનને પ્રકાશનાર નીચૈરાખ્ય નામના પર્વતમાં વિશ્રામ સારૂ વાસ કરજે ॥ ૨૫ ॥

विश्रान्तः सन्व्रज वननदीतीरजातानि सिञ्च-
न्नुद्यानानां नवजलकणैर्यूथिकाजालकानि ।
गण्डस्वेदापनयनरुजाक्लान्तकर्णोत्पलानां
छायादानात्क्षणपरिचितः पुष्पलावीमुखानाम् ॥ २६ ॥

અર્થ—એ નિચૈરાખ્ય ગીરીમાં થાક ખાધા પછી વન નદીના કાંઠામાંના બગીચાઓના માગધી પુષ્પના દોડાઓને નવ જળના છાંટા વડેછાંટતો; ગાલમાં થએલ પરસેવાને લોયા વડે કરમાએલી [4]કર્ણોત્પલવ વાળી માલણોના મોંડાઓને [5]છાંયડો કરવાથી [6]ક્ષણ પરીચય વાળો થઇને તું આગળ જજે ॥ ૨૬ ॥

वक्रः पन्था यदपि भवतः प्रस्थितस्योत्तराशां
सौधोत्सङ्गप्रणयविमुखो मा स्म भूरुज्जयिन्याः ।
विद्युद्दामस्फुरितचकितैस्तत्र पौराङ्गनानां
लोलापाङ्गैर्यदि न रमसे लोचनैर्वञ्चितोऽसि ॥ २७ ॥

અર્થ—ઉત્તર દિશા તરફ જનારને તને ઉજ્જયિનિનો

૨ સંભોગ ક્રીયામાં સ્ત્રીયોએ કરેલો અંગરાગ (ચંદન વીગેરેનું લેપન) ઘસારાથી ખરીને શીલા પર પડવાથી અનુમાન થાય કે અહી કોઇ યુવા સ્ત્રીએ સંભોગ કરાવ્યો છે. ૩ કોઇ યુવા પોતાના પ્યારમાં આશક્ત ગુપ્ત વિહારની આશાથી માબાપના ભયને લીધે રાત્રીના સમયે આ પર્વતના સૂન્ય સ્થાનને આશ્રીને વિહાર કરે છે (તે અહી ઘણું જ છે) તેથી તેણીઓનૂ ગાઢ યૌવનનું અનુમાન થાય છે. (૪) શોભાને માટે કાંનમાં ઘાલેલુ કમલ (૫) કાન્તી વાલાં મુખો કરવાથી શાથીકે પોતાના ઇચ્છેલ પુરૂષના દર્શનથી કામિનીયોના મુખ વિકાશ પામે છે એભાવ છે (૬) એટલે જ્યારે વાર નહી ... પોતાના કાયનો વિરોધ થાય માટે

રસ્તો [1]વાંકો છે (દુર છે) તો પણ ઉજ્જયિનીના ગૃહોની [2]ચંદ્રશાળાઓમાંના પરિચયથી પરાઙ્‌મુખ ન થૈઈશ શાથીકે વિજળીના સ્ફુરવાથી અંગનાઓના ચંચળ કટાક્ષવાળા નેત્રોની સાથે તુ નહી રમુતો [3]ઠગાએલો જણાઈશ. ॥ ૨૭ ॥

वीचिक्षोभस्तनितविहगश्रेणिकाञ्चीगुणायाः
संसर्पन्त्याः स्खलितसुभगं दर्शितावर्तनाभेः ।
निर्विन्ध्यायाः पथि भव रसाभ्यन्तरः संनिपत्य
स्त्रीणामाद्यं प्रणयवचनं विभ्रमो हि प्रियेषु ॥ २८ ॥

અર્થ—ઉજ્જયિનિના રસ્તામાં મોજાના અથડાવાથી બોલતા હંસની પંક્તિ રૂપ કંદોરાવાળી તથા [4]પછડાવાથિ જેમ સુંદર હોય મ૯ [5]વહેતી—તથા પાંણીમાં થતા ભમરા રૂપ નાભિ (ડુટી)ને દેખાડનારી નીર્વિંધ્યા નદિનો સંયોગ લેઈને સર્વથા તેનો રસ (જલ) અનુભવ જે—(સાથી કે) સ્ત્રિઓનું પોતાના પ્યારાને વિશે જે [6]વિલાસ તેજ (સંભોગનુ) પ્રાર્થના [7]વચન છે ॥ ૨૮ ॥

वेणीभूतप्रतनुसलिलास्यावतीतस्य सिन्धुः
पाण्डुच्छाया तटरुहतरुभ्रंशिभिर्जीर्णपर्णैः ।

(૧) વિધ્યાચલથી ઉત્તરમાં વ્હેતી નિરવિન્ધ્યાની પૂર્વે કેટલેક -કે ૨ ઉજ્જયિની છે; અને ઉત્તર પંથતો નિરવિન્ધ્યાની પશ્ચીમે રહ્યો વાંકો રસ્તો એમ લખ્યુ છે (૨) અગાશી (૩) છેતરાએલો શાથી કે ત્યાંની અંગનાઓની ચપલ અક્ષીઓના જોવા યોગ્ય ચાળાને જોવાનો લ્હાવો નહી લેઉ તો આ દુનિઆમાં તારીઅક્ષિઓનુ નિરર્થક પણુ થશે અને તેથીજ તું છેતરાએલો છે (૪) આ સ્લોકના બે અર્થ થાય છે એક સ્ત્રી ઉપર અને બીજો નદી ઉપર નદીનો અર્થ ટીકામાં છે અને સ્ત્રી ઉપર લેઈએ ત્યારે મદન સરખ લવાથી (૫)જતી (૬) હાવ ભાવને કટાક્ષ (૭)પણ મોઢે કહી શકિત નથી અહી પાણીના ભ્રમર રૂપ નાભી (ડુંટી) દેખાડવા રૂપ તેણીનો ભાવ જણાવ્યો છે.

અવતરણીકા—હવે નિર્વિંધ્યાની વિરહાવસ્થાનું વર્ણન કરી તે અવસ્થા દુર કરવાનું કહે છે.

सौभाग्यं ते सुभग विरहावस्थया व्यञ्जयन्ती

कार्श्यं येन त्यजति विधिना स त्वयैवोपपाद्यः ॥२९॥

અર્થ—[1]વેણીરૂપ નહિ છતાં; વેણી રૂપ થએલ થોડા [2]પાંણી વાળી; કાંઠામાં ઉગેલાં વૃક્ષો પરથી પડતાં સુકાં પાંદડાં વડે પીલા રંગ વાળી તેથીજ તુ હે સુભગ પૂર્વોક્ત વિરહાવસ્થા વડે (અત્યાર સુધી પરદેશ ગએલાનુ) ત્હારૂ [3]સૌભાગ્ય પ્રસિદ્ધ કરતિ પૂર્વોક્ત આ [4]સિંધુ નદિ જે ઉપાય [5]વડે પોતાની કૃશ્યતા છોડિદે તે ઉપાય તારે કરવો જોઇએ ॥ ૨૯ ॥

प्राप्यावन्तीनुदयनकथाकोविदग्रामवृद्धा-

न्पूर्वोद्दिष्टामनुसर पुरीं श्रीविशालां विशालाम् ।

स्वल्पीभूते सुचरितफले स्वर्गिणां गां गतानां

शेषैः पुण्यैर्हृतमिव दिवः कान्तिमत्खण्डमेकम् ॥ ३० ॥

અર્થ—વાસ વદત્તાના હરણથી ઉત્પન્ન થએલ વત્સરાજાની કથાના જાણીતા વૃધ્ધો વાળા જન પદદેશને પામીને [1]પ્રથમ કહેલી

(૧) ઓટલો (હત્રે આ શ્લોકમાં પ્રોષિત ભર્તૃકા એટલે) પ્રતિવ્રતા વિરહિણી ભાર્યાની કલ્પના કરી છે. (૨) બીજો અર્થ કેસવાલી સ્ત્રી (૩) यमङ्गनाकामय न्तेसखलुसुभगइति જેને સ્ત્રીયો ઇચ્છે છે તે નક્કી સુભગ કહેવાય (૪) નિવિન્ધ્યા (૫) એક અર્થમા વૃષ્ટિ રૂપ ઉપાય; અને બીજા અર્થમાં સંભોગ એ બે અર્થ છે તેના અભાવે એકાર્શ્યતા આવી છે આ મદનની પાંચમી અવસ્થા છે

नयन प्रितीः प्रथमं चित्तासंगःतदुत्थ संकल्पः निद्राच्छेदस्तनुता विशयनी वृतिश्च पानाशः ॥ उन्माद मुर्च्छा मृतयः इत्येतास्मदशा दशेवस्युः रतिहस्ये प्रथ कथिता येम यापिकाथिताते

(૧) જુવો શ્લોક ૨૭ મો

[2]શ્રી વિશાળ ઉજ્જયિનિ નગરીને [3]અનુસર (તે કેવી છે તે જો) પુણ્ય ક્ષય થયે પૃથ્વીમાં આવેલા સ્વર્ગ વાશિયોના ભોગવતા બાકી રહેલ પૂણ્ય વડે આણેલો અતિ ઉજ્જવળ સ્વર્ગનો કકડોજ જેમ એવી છે × ॥ ३० ॥

दीर्घीकुर्वन्पटु मदकलं कूजित सारसानां
प्रत्यूषेषु स्फुटितकमलामोदमैत्रीकषायः ।
यत्र स्त्रीणां हरति सुरतग्लानिमङ्गनुकूलः
शिप्रावातः प्रियतम इव प्रार्थनाचाटुकारः ॥ ३१ ॥

અર્થ—જે વિશાળ નગરીમાં દરરોજ સવારમાં સારસ પક્ષિના ખુલ્લા મધુર શબ્દને વિસ્તારનાર;—ખીલેલાં કમળોની રજના સંસર્ગથી સુગંધ મય (સંભોગ) પ્રાર્થનામાં સુંદર પોતાના પ્રિયતમની પેઠે શિપ્રાનદિનો પવન સ્ત્રીયોના સંભોગ થાકને ટાળે છે ॥ ૩૧ *

जालोद्गीर्णैरुपचितवपुःकेशसंस्कारधूपै-
र्बन्धुप्रीत्या भवनशिखिभिर्दत्तनृत्योपहारः ।
हर्म्येष्वस्याः सुमसुरभिष्वध्वखेदं नयेथा
लक्ष्मीं पश्यँल्लालितवनितापादरागाङ्कितेषु ॥ ३२ ॥

અર્થ—જાળામાંથી નિકળેલા [1]કેસ સંસ્કારના ધુપવડે પરિ

(૨) શોભાથી ભરપુર (૩) મતલબ કે તે તરફ જ × આ શ્લોકમાં ઉત્પેક્ષા લંકાક છે આ શ્લોકથી સકળ ભૂલોકના નગર સૌભાગ્યના કરતાં વિશેષ સારપણું ઉજ્જનયિનિને કહ્યુ છે જેથી કાળીદાસની સ્વસ્થાન ભૂમી વીષે અતિ પ્રેમ જણાય છે

+ આ શ્લોકથી સદર નગરીની સુખકારી હવા જણાવી છે.

(૧) પૂર્વે એવો ચાલ હતો કે ચોટલો હોળીને તેને સુવાસીત પદાર્થના ધુપ આગળ ધરવો તેથી ચોટલામાં સુવાસ પેસે તેવા ઉપચાર જે મહેલમાં થાય છે તેમાંથી નિકળતા સુવાસિત ધૂપવડે પુષ્ટ શરીર [illegible] (મેઘ ધુમાડાનો છે.)

પુષ્ટ શરિર વાળાને તને બાંધવપણાની પ્રીતિથી ગ્રહ મયુરો-એ આપેલ નૃત્યરૂપ ઉપહારવાળો તુ પુષ્પથી સુગંધિત તેમજ સ્ત્રીઓના પગના [2]લાલ રંગથી ચિન્હિત હવેલીયોમાં તે ઉજ્જયિનિ-ની શોભાને જોતો રસ્તે ચાલવાથી લાગેલો થાક ઉતારજે ॥ ३२ ॥

भर्तुः कण्ठच्छविरिति गणैः सादरं वीक्ष्यमाणः

पुण्यं यायास्त्रिभुवनगुरोर्धाम चण्डीश्वरस्य ।

धूतोद्यानं कुवलयरजोगन्धिभिर्गन्धवत्या-

स्तोयक्रीडानिरतयुवतिस्नानतिक्तैर्मरुद्भिः ॥ ३३ ॥

અર્થ—પોતાના સ્વામી નિલકંઠની છબી[1]વાળો તેથી મહા-દેવના ગણોએ આદર પૂર્વક જોવા લાયક તું ત્રીલોકનાથ ભગવાન કાત્યાયનીનાથ (મહાદેવ)ના પવિત્ર [2]મહાકાળ નામનુ જે કે કમળપ-રાગથી [3]સુગંધીમય; અને જલ ક્રીડામાં આશક્ત જુવાન સ્ત્રીયોના [4]ચંદનાદિવડે સુવાશિગંધવતિ નદિના પવને જેનો બગીચો હલાવ્યો છે. એવુ સ્થાન છે ત્યાં જા ॥ ३३ ॥

अप्यन्यस्मिञ्जलधर महाकालमासद्य काले

(૨) સ્ત્રીયો પોતાના અંગ રાગ માટે લાક્ષા રંગથી પગ લાલ કરે તેથી પડેલા પગલાંવાળી હવેલી હાલનાવખતમાંની સ્ત્રીયો લક્ષા રંગની જગોપર મેંદીઓનો ઉપયોગ કરે છે.

+ ૧ મેઘ કાળો તથા મહાદેવની ડોક પણ કાળી તે કારણથી મ-હાદેવના ગણો મહાદેવની ડોકની ભ્રાંતીથી તેના સામુ જુવે કારણ—प्रिय वस्तु सादृश्यादति प्रियत्वं (૨) જુવો સ્કંધમાં—आकाशे तारकं लिंगं पाताले हाडकेश्वरं मर्त्य लोके महाकालं दृष्टाकाममवाप्नुयात्.

(૩–૪) આ બેવડે ઘણુંજ સુગંધિપણુ દર્શાવ્યુ છે (+ આ શ્લોક માં વર્ણવેલા સ્થાંનને કેવળ કલ્યાણકારકપણું છે. એટલુંજ નહી પણ વિ-લાસસ્થાન પણ છે હેતુ ઉપલાં નિશેષણોથી સાબીત થાય છે.

स्थातव्यं ते नयनविषयं यावदत्येति भानुः ।
कुर्वन्संध्याबलिपटहतां शूलिनः श्लाघनीया-
मामन्द्राणां फलमविकलं लप्स्यसे गर्जितानाम् ॥३४॥

અર્થ—હે જલધર, એ મહાકાળસ્થાનને [1]બીજા વખતમાં પામીને સૂર્યાસ્ત સમય સુધી તારે ત્યાં રહેવું. કારણ કે [2]પ્રશંસની-ય સંધ્યાકાળની મહાદેવની પૂજામાં [3] પટહતા. જે કરતાં ત્હારી ગંભીર ગર્જનાઓનુ તુ સંપૂર્ણ ફળ [4]પામીશ ॥ ૩૪ ॥

पादन्यासैः क्वणितरसनास्तत्र लीलावधूतै-
रत्नच्छायाखचितवलिभिश्चामरैः क्लान्तहस्ताः ।
वेश्यास्त्वत्तो नखपदसुखान्प्राप्य वर्षाग्रबिन्दु-
नामोक्ष्यन्ते त्वयि मधुकरश्रेणिदीर्घान्कटाक्षान् ॥३५॥

અર્થ—ત્યાં સંધ્યાકાલે ચાલવાથી ખખડતા કંદોરાવાળી વિ-લાશ પૂર્વક હલાવેલા રત્નના પ્રતિબિંબવાળા ચમરના દાંડાઓએ થાકેલા [5]હાથવાળી વેસ્યાઓ તારાથી [6]નખક્ષતને સુખકારક વર્ષાદ-ના પ્રથમ છાંટા પામીને ત્હારે વિષે ભ્રમર પંક્તિ રૂપ લાંબા નેત્રો-ના કટાક્ષ નાખશે ॥ ૩૫ ॥

पश्चादुच्चैर्भुजतरुवनं मण्डलेनाभिलीनः
सान्ध्यं तेजः प्रतिनवजपापुष्परक्तं दधानः ।

---

૧ સંધ્યા કાળ શિવાય ૨ વખાણવા યોગ્ય ૩ વાજીંત્રનાદ (ગાજવુ) તે ૪ મહાકાળની પુજામાં વાજીંત્રોના નાદની જગાએ તુ ગર્જના કરીશ તેથી તારૂ ગર્જવું સાફલ્ય થશે એ ભાવ છે ૫ આ વિશેષણે દૈશીક નૃત્ય સુચવ્યુ છે જુઓ- खड्गकन्दुक वस्त्रादि दंडिका चामरः स्रजः विणांच धृत्वाय त्कुयुः नृत्यंतन्दे शिकं भवेत् ૬ આ ક્રિયામાં રતનો કર્ષણ કરતાં મારેલા નખના ઘા.

नृत्यारम्भे हर पशुपतेरार्द्रनागाजिनेच्छां
शान्तोद्वेगस्तिमितनयनं दृष्टभक्तिर्भवान्या ॥३६॥

અર્થ—સંધ્યાકાળ પછી પશુ[1]પતિના [2]તાંડવ નૃત્યારંભમાં તુ નવાં જાસુદીના પુષ્પવડે લાલ—સંધ્યાકાળના (રક્ત) તેજને ધારણ કરતો ઉંચા હાથરૂપ [3]વૃક્ષોના વનને (તારા) મંડલાકારે વ્યાપ્ત થયો છતો પાર્વતિના ઉદ્વેગજ ચર્મના ભયવાળાં નિશ્ચલ નયનવાળા કર્મમાં દીઠેલી ભક્તિ[4]વાળો શાન્ત—મહાદેવની—લોહીથી ભીના ગજ ચર્મમાંની [5]ઇચ્છાને તુ ટાલ ॥૩૬॥

અવતરણ—એ પ્રમાણે મહાકાલનાથની શેવાનો પ્રકાર કહીને નગર તરફ જવાનો માર્ગ બતાવે છે.

गच्छन्तीनां रमणवसतिं योषितां तत्र नक्तं
रुद्धालोके नरपतिपथे सूचिभेद्यैस्तमोभिः।
सौदामन्या कनकनिकषस्निग्धया दर्शयोर्वीं
तोयोत्सर्गस्तनितमुखरो मा स्म भूर्विक्लवास्ताः ॥३७॥

અર્થ—તે ઉજ્જયિની નગરીમાં પોતાના પ્યારાને ઘેર જતી [1]અભીસારીકાઓના ગાઢ અંધારા રાજમાર્ગમાં સુવર્ણની રેખાના

(૧) મહાદેવ (૨) સંધ્યાકાળ પછી મહાદેવજી પાર્વતી તથા. પોતાના બીજા ગણુ વર્તમાન સૌ પોતાના ઉંચા હાથ. કરીને નાચે છે તેનુ નામ તાંડવનૃત્ય કહેવાય (૩) હાથઊંચાકરીને નાચે માટે હાથને વૃક્ષની ઉપમાં આપી (૪) હાથ ઉંચા કરીને મહાદેવ નૃત્ય કરતા તે વખતે પોતે પોતાના હાથ ઉપર ગજા સુર પોતાના સત્રુનુ લોહીવાળુ ચામડુ લઇને નૃત્ય કરે છે તે વખતે પાર્વતી આશું છે? એમ જાણી ડરે છે ને સ્તબ્ધનેત્ર રાખે છે તે ચામડાની જગોપર તુ જઈશ એટલે મહાદેવને પેલા રક્ત ચર્મની જરૂર નહી રહે ને પાર્વતીને ભય પણ જતો રહેસે માટે દ્રષ્ટ ભક્તિવાળો શાન્ત વિશેષણ છે. (૫) એટલે તે જગોપર તુ જઇશ માટે મહાદેવને તેની જરૂર નહી રહે.

अभि+सृधातु અભી એટલે સામુ અને સર એટલે જવુ અભિસર એટલે સામાજવું સ્ત્રી લંગ અભી સારીકા=સામી જનારી [illegible]

તેજવાળી વીજળીવતે (તેમના) માર્ગને દેખાડ (અને) વૃષ્ટી અને ગાજવું એ બે વડે શબ્દાયમાન ન થઈસ (સાથીકે) તે સ્ત્રીઓ ઘણીજ બીકણ છે— ॥ ૩૭ ॥

तां कस्यांचिद्भवनवलभौ सुप्तपारावतायां

नीत्वा रात्रिं चिरविलसनात्खिन्नविद्युत्कलत्रः ।

दृष्टे सूर्ये पुनरपि भवान्वाहयेदध्वशेषं

मन्दायन्ते न खलु सुहृदामभ्युपेतार्थकृत्याः ॥३८॥

અર્થ—ઘણા વખતથી ઝબકવાથી થાકેલીવીજળી રૂપ સ્ત્રી વાળો તું કોઈકના ઘરની (સુન્ય) સુતેલા[2]પારાવત વાળી ગલેલીમાં રાત ગાળીને સૂર્યોદય થતા ફરીથી પણ બાકી રહેલો રસ્તો પુરો કરજે (શાથી) મિત્રની ક્રીયા અંગીકાર કરનાર નક્કિ મંદ [3]પડી જતા નથી ॥ ૩૮ ॥

तस्मिन्काले नयनसलिलं योषितां खण्डितानां

शान्तिं नेयं प्रणयिभिरतो वर्त्म भानोस्त्यजाशु ।

प्रालेयास्रं कमलवदनात्सोऽपि हर्तुं नलिन्याः

प्रत्यावृत्तस्त्वयि कररुधि स्यादनल्पाभ्यसूयः ॥३९॥

અર્થ—પ્રાતઃકાલે પ્રિયતમોથી ખંડિત [1]નાયકાઓના નયન જળને ત્હારે શાન્તિ આપવી તેટલા માટે તુ સૂર્યના ઉદયનો રસ્તો જલદી છોડી દેજે—તે સૂર્ય પણ પોતાની સ્ત્રી [2]નલીનીના કમળ રૂપ વદન ઉપરથી હીમ રૂપ [3]આંસુ લ્હોવાને આવ્યો છે (ને) તું ત્હેના કીરણોનો [4]રોકનાર થઈશ તો તે ઘણાજ દ્વેષવાળો થશે. ॥ ૩૯ ॥

---

(૨) એક જાતના જાનવરનુ નામ (કબુતર) (૩) કામ કરતાં વાર લગાડતા નથી.

(૧) પ્રોષિત ભર્તૃકાઓ રાતે પોતાના પતિને સંભારી રડે કે ધણીના વગર આ કામ પીડા થાય છે પણ સવારે પોતાના કામે વળગે એટલે રડવાનુ ભુલી જાય માટે શાન્તી આપવી (૨) કમળ જેને થાય છે તેનુ નામ (૩) રાતે હીમ [illegible] હરેલાં પાણીના ટીપાંને આંસુની કલ્પના કરી કારણ [illegible] (૪) [illegible] નહી જઉ તો કીરણ પડસે નહી

गम्भीरायाः पयसि सरितश्चेतसीव प्रसन्ने
छायात्मापि प्रकृतिसुभगो लप्स्यते ते प्रवेशम् ।
तस्मादस्याः कुमुदविशदान्यर्हसि त्वं न धैर्या-
न्मोघीकर्तुं चटुलशफरोद्वर्तनप्रेक्षितानि ॥४०॥

અર્થ—ગંભીરા નદીના પ્રસન્નચિત્તમાં જેમ તેમજ અતિ નિર્મળ જળમાં; સ્વભાવે જે તું સુંદર તે ત્હારી છાયા રૂપ આત્મા [5]પણ પ્રવેશ કરશે. તેથી તે ગંભીરા નદીના—કુમુદ પ્રમાણે સફેદ ચપળ માછલાંઓના આ લોટવા રૂપ—ઘણીવાર [6]જોવુ તે તું નિષ્ફળ કરવાને યોગ્ય [7]નથી. ॥ ૪૦ ॥

तस्याः किंचित्करधृतमिव प्राप्तवानीरशाखं
नीत्वा नीलं सलिलवसनं मुक्तरोधोनितम्बम् ।
प्रस्थानं ते कथमपि सखे लम्बमानस्य भावि
ज्ञातास्वादो विवृतजघनां को विहातुं समर्थः ॥४१॥

અર્થ—હે મિત્ર નેતરની શાખા પ્રાપ્ત કરનાર અને તેથીજ હાથમાં કાંઇક ઉંચુ ઝાલ્યું હોય એવું કિનારા રૂપ નિતંબને છોડી દેનાર કાળુ તે નદીનું જળ રૂપ વસ્ત્રને દુર[2]કરીને પાણી પીધાના ભારથી [3]લબડતાનું ત્હારૂ [4]પ્રસ્થાન બળાત્કારે થશે (શાથીકે)

(૫) આ પણ શબ્દ તે મેઘની પ્રવેશ કરવાની અતિચ્છા જણાવે છે
(૬) નદી તારા સામુ જુવે છે તેથી તેણીનો અનુરાગ સુચવ્યો છે. નદીમાં માછલાં આળોટે તે ઉપરથી કાળાને તેલથી ધોળાં તે જ્યારે અવળાં થાય ત્યારે તેનો કાળો ભાગ તળે જતો રહે ને ધોળો ભાગ દેખાય. તે ધોળો ભાગ ને ડોળાની કલ્પના ને કાળાને કીકીની કલ્પના કરીછે તેથી તે નદી તારા સામુ જુવે છે એવી કલ્પના કરી છે.
(૭) આ વચનથી અનુ રક્તા સ્ત્રીનુ અપમાંન ન કરવું એ ભાવ છે જુવો ધૂર્ત લક્ષણ उपेत्य रक्तां यत्नेन रक्तां धूर्तो विमुञ्चति
(૧) થોડુક (૨) પ્રસ્તાન સમયે ઘણુ કરીને વસ્ત્ર હરણ કરવું એ વિરહ તાપના વિનોદને અર્થે છે. (૩) બીજે અર્થ જમનારૂઢ (૪) જવુ

રસજ્ઞ કોણ પુરૂષ ખુલ્લી ઝાંઘોવાળી (સ્ત્રી) ને છોડવાને [૫]સમર્થ છે ॥ ૪૧ ॥

त्वन्निष्यन्दोच्छ्वसितवसुधागन्धसंपर्करम्यः

स्रोतोरन्ध्रध्वनितसुभगं दन्तिभिः पीयमानः ।

नीचैर्वास्यत्युपजिगमिषोर्देवपूर्वं गिरिं ते

शीतो वायुः परिणमयिता काननोदुम्बराणाम् ॥४२॥

અર્થ—ત્હારી ગર્જનાએ પ્રફુલીત પૃથ્વીના સંસર્ગ વડે સુગંધીમય —ના સાથ્રમાંના શબ્દ વડે જેમ સુભગ હોય તેમ હાથીયોયે સુંઘવા [૬]લાયક; વનમાંના ઉમરડાઓનો પકાવનાર થંડો વાયુ દેવગિરિ પર્વતમાં જવા ઇચ્છનારને તને ધીમે ધીમે વાશે ॥ ૪૨ ॥

तत्र स्कन्दं नियतवसतिं पुष्पमेघीकृतात्मा

पुष्पासारैः स्नपयतु भवान्व्योमगङ्गाजलार्द्रैः ।

रक्षाहेतोर्नवशशिभृता वासवीनां चमूना-

मत्यादित्यं हुतवहमुखे संभृतं तद्धि तेजः ॥ ४३ ॥

અર્થ—તે દેવગિરિ પર્વતમાં નિત્ય [૧]વાસ કરનાર કાર્તિક સ્વામિને પુષ્પ વૃષ્ટિ રૂપ કરેલા [૨]આત્માવાળો સ્વર્ગ ગંગાના જલથી પલળેલ પુષ્પની વૃષ્ટિથી તુ પોતેજ [૩]નવરાવજે—તે ભગવાંન કાર્તિક

(૫) મતલબ કોઈ નહી [૬] મતલબ પૃથ્વીના ગંધના લોભથી સુંઘવા લાયક

પહેલાં તારકા સુર નામના દૈત્યને જીતી સંતુષ્ટ થઇ મહાદેવની પ્રાર્થનાથી ભવાની નંદન કાર્તિક સ્વામી નિત્ય ત્યાં ભવાનીશંકર સહીત વસે છે તે પુરાણ પ્રસિદ્ધ છે [૨] કામ રૂપ હોવાથી [૩] પોતાને હાથે કરેલ પુજનું ઉત્તમ ફળ છે જુઓ શંકર હસ્યમાં— स्वयं यजति चेद्देवं उत्तमा सोदरात्मजैः । मध्यमाया [illegible] याजनक्रिया.

સ્વામિ ઇંદ્રની સેનાના રક્ષણાર્થે અગ્નીના મોહામાં મેલુ કરેલું સર્વ કરતાં પણ વિશેષ તે [4]તેજરૂપ છે ॥ ૪૩ ॥

ज्योतिर्लेखवलयि गलितं यस्य बर्हं भवानी
पुत्रप्रेम्णा कुवलयदलप्रापि कर्णे करोति ।
धौतापाङ्गं हरशशिरुचा पावकेस्तं मयूरं
पश्चाददिग्रहणगुरुभिर्गर्जितैर्नर्तयेथाः ॥ ४४ ॥

અર્થ—તેજની પંક્તિના મંડળવાળું (પોતાની મેળે) [5]ખરેલું જે મોરનું પીંછું તે પાર્વતિ કમળના પત્રની સાથે કાનમાં ધારણ કરે છે (તે) મહાદેવના મસ્તકની ચંદ્રિકા વડે સફેત [6]નેત્રાંતવાળા અગ્ની પુત્ર સ્કંદના (વાહન)ને મોરને પુષ્પ વૃષ્ટિ કર્યા પછી ગુફા [7]સંક્રમણથી ભારે ગર્જનાઓએ [8]નચાવજે. ॥ ૪૪ ॥

आराध्यैनं शरवणभवं देवमुल्लङ्घिताध्वा
सिद्धद्वन्द्वैर्जलकणभयाद्वीणिभिर्मुक्तमार्गः ।
व्यालम्बेथाः सुरभितनयालम्भजां मानयिष्य-
न्स्रोतोमूर्त्या भुवि परिणतां रन्तिदेवस्य कीर्तिम् ॥ ४५ ॥

અર્થ—એ પહેલા કહેલા શર [1]જન્મા દેવની આરાધના કરીને વીણાવાળા શિદ્ધ પુરૂષોએ જળ કેકણ ભયથી [3]મુકેલા માર્ગ વાળો યા કાપ્યો છે કેટલોક રસ્તો જેણે એવો તઃ—ગવા લંભ વડે પેદા

[૪] મહાદેવની ત્રીજી મુર્તિ રૂપ છે

[૫] નહી કે લોભથી પાર્વતીએ પોતાની મેળે ચુંટેલું [૬] પોતાની મેળે પણ મોરની આંખના ખુણા સફેત હોવાથી ઘણાજ ધોળા (૭) પ્રતિ ધ્વનીથી [૮] મેઘની ગર્જના સાંભળીને મોર સ્વભાવીક રીતે નાચે છે તે પ્રસિદ્ધ છે.

(૧)કાર્તિક સ્વામિ [૨] પાંણીના છાંટા [૩] પાણીના છાંટાથી તારીણુ બગડી જાય માટે જલદી જતા રહેલ

પેદા થએલી પૃથ્વીમાં પ્રવાહ રૂપે રંતિ દેવની કિર્તિ રૂપ [4]વેત્રવતી નદીને સત્કાર કરતો છતો [5]વ્યાલંબનકર ॥ ૪૫ ॥

त्वय्यादातुं जलमवनते शार्ङ्गिणो वर्णचौरे

तस्याः सिन्धोः पृथुमपि तनुं दूरभावात्प्रवाहम् ।

प्रेक्षिष्यन्ते गगनगतयो नूनमावर्ज्य दृष्टी-

रेकं मुक्तागुणमिव भुवः स्थूलमध्येन्द्रनीलम् ॥ ४६

અર્થ—કૃષ્ણ તુલ્ય શ્યામ તું જળ લેવાને નિચે નમ્યો છતાં મોટા પણ દુર પણાને લીધે પાતળો સૂક્ષ્મ પણાએ જોવાલાયક સિંધુ નદીના પ્રવાહને ગગનમાં ફરનાર ગંધર્વ લોકો દૃષ્ટિ વિસ્તારિને એક—શેરનો મ્હોટો [6] મધ્ય નીલ મણિવાળો પૃથ્વીના મોતીના હારની પેઠે જોશે ॥ ૪૬ ॥

तामुत्तीर्य व्रज परिचितभ्रूलताविभ्रमाणां

पक्ष्मोत्क्षेपादुपरिविलसत्कृष्णशारप्रभाणाम् ।

कुन्दक्षेपानुगमधुकरश्रीमुषामात्मबिम्बं

पात्रीकुर्वन्दशपुरवधूनेत्रकौतूहलानाम् ॥ ४७ ॥

અર્થ— તે નદી ઉતરીને ભ્રુલત્તાના વિલાસવાળા તથા પાંપણોના ઉછળવાથી ઉપર વિકાશ પામતા [1]કૃષ્ણસારની પ્રભાવાળા માગધી પુરૂપને અનુગમન કરનાર ભમરાઓની શોભાઓને ચોરનારા; રતિદેવના નગરની સ્રીયોના નેત્રાભીલાશોની તું ત્હારી પોતાની

(૬) વચ્ચે +અહી અત્યંતકાલો મેઘ તે નદીના સફેત પ્રવાહમાં પાણી લેવાને ઉતરે તે વખતે આકાશમાં ફરનાર લોકો તે પ્રવાહને કાલામણીવાલો પૃથ્વીનો મોતીનો હાર જાણે એ ઉત્પેક્ષા છે.

(૧) કાળા, લાલ, અને પીળા એ ત્રણ રંગનું નામ + તું ત્યાં થઇને જા કે તે નગ્રની સ્રીયો તને જુવે. નહી તો શ્લોક ૨૭માની ચોથા ચરણના [illegible] તું [illegible] તારા જન્મનું [illegible] થશે.

ભ્રાતને વિષયિ કરતો જા ॥ ૪૭ ॥

ब्रह्मावर्तं जनपदमथ च्छायया गाहमानः
क्षेत्रं क्षत्रप्रधनपिशुनं कौरवंतद्भजेथाः ।
राजन्यानां सितशरशतैर्यत्र गाण्डीवधन्वा
धारापातैस्त्वमिव कमलान्यम्यवर्षन्मुखानि ॥ ४८ ॥

અર્થ—હાવે [2]બ્રહ્માવર્ત નામના દેશમાં [3]છાંયડાવડે પેસતો ક્ષત્રિયોના યુદ્ધને [4]સુચવતા કુરૂક્ષેત્રમા જજે કુરૂક્ષેત્રમાં ગાંડિવધન્વાઅર્જુન તીક્ષણ હજારો બાંણુની ધારાવડે તું જેમ વૃષ્ટિપાતવડે કમળ ઉપર તેમજ એ રાજાઓના મુખ ઉપર વર્ષતો હતો. ॥ ૪૮ ॥

हित्वा हालामभिमतरसां रेवतीलोचनाङ्कां
बन्धुप्रीत्या समरविमुखो लाङ्गली याः सिषेवे ।
कृत्वा तासामभिगममपां सैाम्य सारस्वतीना-
मन्तः शुद्धस्त्वमपि भविता वर्णमात्रेण कृष्णः ॥ ४९ ॥

અર્થ—કૌરવ અને પાંડવની સાથે બંધુ પણાના [1]સ્નેહથી યુદ્ધ કરવા નારાજ બલદેવજી સ્વસ્ત્રી રેવતીના લોચનમાં પડેલા [2]પ્ર-

(૨)આ એ દેશનું નામ છે જુવો મનુસ્મૃતિ—सरस्वती दृषद्वत्यो र्देवनद्यो र्यदन्तरं । तंदेवनिर्मितं देशं ब्रह्मावर्त्तं प्रचक्षते ॥ પંજાબમાં પાણીપતનું મેદાન છે તેને ત્યાં પાંડવ કૌરવની લડાઈ થઇ હતી તે (૩) નહીંકેરવ સ્વરૂપે—મતલબ કે તુ ત્યાં થઈને જાઇશ કે તે દેશમાં તારો નિચે છાંયડો પડશે. (૪) મતલબ કે આજ પણ માથાની ખોપરી વીગેરે હાડકાં ત્યાં પડયાં છે તેથી સમજાય કે અહી ક્ષત્રીયોનું યુદ્ધ થયુ છે. એમ સુચવે છે (૫) મતલબકે, શર, વૃષ્ટિવડે માથા કાપતો હતો.

(૧) નહી કે ભયથી

તિબિમ્બવાળી [3]ઇષ્ટિસ્વાદિ મદીરાને છોડીને સરસ્વતિના (જ) જળનું પાંન કરે છે તે સરસ્વતિનુ જળ પાન કરીને હે સુભગ તુ પણ શુદ્ધ થઇશ ફક્ત વર્ણ [4]માત્રવડેજ શ્યામ રહીશ * ॥ ૪૯ ॥

तस्माद्गच्छेरनुकनखलं शैलराजावतीर्णां

जह्नोः कन्यां सगरतनयस्वर्गसोपानपङ्क्तिम् ।

गौरीवक्त्रभ्रकुटिरचनां या विहस्येव फेनैः

शंभोः केशग्रहणमकरोदिन्दुलग्नोर्मिहस्ता ॥ ५० ॥

અર્થ—કુરૂક્ષેત્રથી કનખલ પર્વતની પાસે હીમાલયથી ઉતરેલી સગર રાજાના છોકરાઓને સ્વર્ગ પ્રાપ્તીની સાધન ભૂત જહ્નુ રાજાની કંન્યા [5]જાહ્નવી નંદીએ તુજજે; એનદી પર્વતીના મુખની ભ્રકુટીની રચનાને ફીણવડે મશ્કરી કરીને ચંદ્રમામાં મોજા (ની લ્હેરો) રૂપ હાથ લગાડનારી શંભુના કેશનુ [6]ગ્રહણ કરે છે ॥ ૫૦ ॥

तस्याः पातुं सुरगज इव व्योम्नि पश्चार्धलम्बी

त्वं चेदच्छस्फाटिकविशदं तर्कयेस्तिर्यगम्भः ।

संसर्पन्त्या सपदि भवतः स्रोतसि च्छाययासौ

(૨) મતલબ કે રેવતી બળદેવજીને પોતાના હાથનાં મદીરા લઇને પાય તે વખતે તે મદીરાનું પ્રતિબીમ્બ તેણીના નેત્રમાં પડે અથવા रेवती लोचननाकां એટલે રેવતીના પીવાથી આંખમાં ખુમારી આવવાથી તે ચિન્હ. (૩) ઈચ્છીત (૪) નહી કે પાપવડે તુ શ્યામ રહીશ (૫) ગંગા. (૬) મતલબ કે શંકરની જટામાં રહે છે ચંદ્ર મહાદેવના શેખરમાં રહે છે અને આ જટામાં રહે એટલે આની લ્હેરો ચંદ્રમાને અડકેજ (જેમ્ કોઈ પ્રૌઢ નાયકા શોકયને નહી સહન કરતી પોતાનુ હેત જણાવતી પોતાના ધણીના વાળ એંચે તેવો ભાવ છે × આ શ્લોકમાં અંતર શુદ્ધીજ સુચવી છે નહી કે મદીરશુદ્ધિ—મદીરશુદ્ધ બળવાન પણ સુતવધ પ્રાયશ્ચીત સારૂજ સરસ્વતીનુ જળપાન કરે છે માટે તારે કરવું.

स्यादस्थानोपगतयमुनासंगमेवाभिरामा ॥ ५१ ॥

અર્થ—કોઈક [1]સુરગજની પેઠે આકાશમાં પાછલા [2]અડધા ભાગવડે લબડતો સ્ફટીકના જેવું નીરમળ તે ગંગા નદીનુ વાંકુચુંક પાણી પીવાને વિચાર કરજે કે ત્હાળ પ્રવાહમાં સંક્રમણ કરતી ત્હારી છાયાવડે એ ગગા (પ્રયાગ શિવાય)બીજા સ્થાંનમા યમુનાનો સંગામ પ્રાપ્ત કરનારી હોય તેમ સુંદર થશે ॥ ૫૧ ॥ *

आसन्निानां सुरभितशिलं नाभिगन्धैर्मृगाणां

तस्या एव प्रभवमचलं प्राप्य गौरं तुषारैः ।

वक्ष्यस्यध्वश्रमविनयने तस्य शृङ्गे निषण्णः

शोभां शुभ्रत्रिनयनवृषोत्खातपङ्कोपमेयाम् ॥ ५२ ॥

અર્થ—બેઠેલા મૃગોના [3]નાભી ગંધથી [4]શીલા વાળો—હીમવડે ગોરો (અને) ગંગાનુ [5]પ્રભવસ્થાંન જે અચળ પર્વતને પામીને તે પર્વતના શિખરોમાં રસ્તાનો થાક ઉતારવા બેઠેલો તુ ત્ર્યંબકેશ્વરના સફેત હાંડે ખોદેલા કાદવની સાથે ઉપમાયોગ્ય શોભાને તુ [6]પામીશ. ॥ ૫૨ ॥

तं चेद्वायौ सरति सरलस्कन्धसंघट्टजन्मा

बाधेतोल्काक्षपितचमरीबालभारो दवाग्निः ।

अर्हस्येनं शमयितुमलं वारिधारासहस्रै-

रापन्नार्तिप्रशमनफलाः संपदो ह्युत्तमानाम् ॥ ५३ ॥

અર્થ—વનમાં વાયુ વાતા છતાં દેવ દારૂ વૃક્ષોની શખાઓ પરસ્પર અથડાવાથી પેદા થએલો—ચમરી ગાયોના વાળના સમુહને

(૧) સુર=દેવ. ગજ=હાથી. દેવનો હાથી (૨) પુર્વાથવડે જલ લેવાને તત્પર (નીચો નમેલો) × ગંગા અને જમના નદીનો સંયોગ પ્રયાગમાં થાય છે, ને ત્હારી કાળી છાયા યમુનાના જલના જેવી તેમાં પેશશે કે તેવો અનુમાન થશે કે પ્રયાગ વગર યમુનાનો શંગમ કયાંથી થયો છે. (૩) નાભી=ડુંટી મૃગોની નાભીમાં કસ્તુરી પાકે છે માટે નાભી ગંધ (૪) પથ્થરની છાટો (૫) હાંડ ધોળો અને પર્વત પણ હીમવડે ધોળો તથા કામદેવની સાથે મેધની સરખામણી છે. (૬) પેદા થવાની જગો. (૭) વનમાં થતો દવ

તો

તનખા વડે બાળનાર [5]દાવાગ્ની તે હીમાદ્રી પર્વતને જો બાધ કરે (બાળે) તો જળની સહસ્ર ધારાઓ વડે તું એને શાન્ત કરવાને યોગ્ય છે કારણકે મોટા પુરૂષની સંપતીને દુઃખીનું દુઃખ ટાળવા [6]રૂપ ફળ છે. ॥ ૫૩ ॥

ये संरम्भोत्पतनरभसाः स्वाङ्गभङ्गाय तस्मि-
न्मुक्ताध्वानं सपदि शरभा लङ्घयेयुर्भवन्तम् ।
तान्कुर्वीथास्तुमुल्करकावृष्टिपातावकीर्णा-
न्के वा न स्युः परिभवपदं निष्फलारम्भयत्नाः ॥ ५४ ॥

અર્થ—તે પર્વતમાં [7]કોપવડે ઊડવામાં વેગવાળા જે [8]શરભો; છોડેલા માર્ગવાળાને તને પોતાનું અંગ ભાંગવા સારૂ [9]ઓળગે તે શરભોને [10]કરાના વરસાદના પાતવડે છુટા કરી નાંખજે [11](શાથી કે) નિશ્ફળ ઉધોગી કોણ તીરસ્કારના પદને પ્રાપ્ત નથી થતા?[12] ॥૫૪॥

तत्र व्यक्तं दृषदि चरणन्यासमर्धेन्दुमौलेः
शश्वत्सिद्धैरुपचितबलिं भक्तिनम्रः परीयाः ।
यस्मिन्दृष्टे करणविगमादूर्ध्वमुद्धूतपापाः
संकल्पन्ते स्थिरगणपदप्राप्तये श्रद्दधानाः ॥ ५५ ॥

અર્થ—તે પર્વતમાં કોઇક પથ્થરની શીલામાં ખુલ્લુ - સદાયોગી પુરૂષોએ પુજેલું ભગવાન મહાદેવજીના ચરણ ન્યાસ (પગલા) ને ભ-

(૬) જેથી હીમાલયનો દાવાગ્ની તારે શમાવવો,

(૭) કે અમારાથી તે ઉંચો કોણ ચડનાર છે એમ (૮) પતંગીયાં=તીતીયાં=અષ્ટ પદ વીશેષ (૯) તું ઘણો ઉંચો હોવાથી પોતાનું અંગ ભાગવા શીવાય ઉડવાનુ બીજું કાંઈ ફળ નથી એ અર્થ છે, (૧૦) વરસાદમાં પડતા પાણીના કોરા. (૧૧) ક્ષુદ્ર પણ અભિમાન કરતો પ્રતીપક્ષી તત્કાલ મારવો એ ભાવાર્થ છે. (૧૨) બેઈજ્જત-ફજેત થાય છેજ

કનીવડે નમ્રતું પ્રદીક્ષણુ કરજે; જે પાદન્યાસના દર્શન થએ છતે ટળેલા પાપવાળા શ્રધ્ધાળુ પુરૂષો દેહત્યાગ કર્યા પછી સ્થિરગણુના [13]પદની પામીને માટે સમર્થ થાય છે ॥ ૫૫ ॥*

शब्दायन्ते मधुरमनिलैः कीचकाः पूर्यमाणाः

संसक्ताभिस्त्रिपुरविजयो गीयते किंनरीभिः ।

निर्ह्रादस्ते मुरज इव चेत्कन्दरेषु ध्वनिः स्या-

त्संगीतार्थो ननु पशुपतेस्तत्र भावी समग्रः ॥ ५६ ॥

અર્થ—પવનવડે પુરાતા રંધ્રવાળા વાંસડાઓ કર્ણુપ્રિય શબ્દ [1]કરે છે; વેણું વાધમાં અનુશક્ત કીન્નરીયોએ ત્રૈલોકયનાથ મહાદેવનો વિજય [2]ગવાય છે (અને) ગુફાઓમાં જો તારી ગર્જનાઓ વાજીત્ર (મૃદંગ)ના અવાજની પેઠે [3] હોયતો—ત્યાં ચરણુ સમીપે પશુ પતિને [4]સંગીતાર્થ નક્કિ પરિપૂર્ણુ થશે ॥ ૫૬ ॥

प्रालेयाद्रेरुपतटमतिक्रम्य तांस्तान्विशेषा-

न्हंसद्वारं भृगुपतियशोवर्त्म यत्क्रौञ्चरन्ध्रम् ।

तेनोदीचीं दिशमनुसरेस्तिर्यगायामशोभी

श्यामः पादो बलिनियमनाभ्युद्यतस्येव विष्णोः ॥ ५७ ॥

અર્થ—હીમાલયના તટપાસે [5]તે તે દ્રષ્ટવ્ય પદાર્થોને ઓળંગીને [6](માન સરોવરમાં જવાને ઇચ્છનાર) હંસના રસ્તાને—ભૃગુપતી (જમદગ્ની) [6]નાયશનું પ્રવૃત્તિસ્થાનને પર્વતની ખોજે ક્રોંચમાં [7]થઈ-

(૧૩) રૂદ્રગણુ + આજ મતલબ શંભુ રહસ્યમાંછે.

(૧) આથી વેણુ વાજીત્રની સંપત્તી સુચવી (૨) આથી ગાયન સંપત્તિ સુચવી. (૩) મૃદંગની ખોટ સુચવી તે તારી ગર્જનાથી પૂર્ણુ થશે. (૪) સંગીતનો અર્થ કે ગાયનનો અર્થ પુરો થશે, (૫) જે ઉપર ગણાવ્યાં તે,

(૬) શીવે ધનુર્વેદ શીખવેલ ફરશુરામે પોતાના બાણુવડે તે રસ્તો પાડયો તેથી તેમનાયશનું પ્રભવસ્થાન એ કોચ કહેવાય છે (૭) અર્થ સાફ થતા માટે મુળ તૃતીયા વીભક્તીનો અર્થ ફેરવ્યો છે.

તો

ને બળી નામના દૈત્યને બાંધવા તત્પર વિષ્ણુના શ્યામ પાદની પેઠે જલદી પેસવાને વાંકો થઈને શોભતો ઊત્તર દિશા તરફ ચાલ્યો જ-જે ॥ ૫૭ ॥

गत्वा चोर्ध्वं दशमुखभुजोच्छ्वासितप्रस्थसंधेः
कैलासस्य त्रिदशवनितादर्पणस्यातिथिः स्याः ।
शृङ्गोच्छ्रायैः कुमुदविशदैर्यो वितत्य स्थितः खं
राशीभूतः प्रतिदिनमिव त्र्यम्बकस्याट्टहासः ॥ ५८ ॥

અર્થ—તે ક્રોંચ પર્વતની ખોમાંથી નીકળ્યા પછી ઉંચે જઈને [8]રાવણના હાથવડે શીખરોના સાંધા જુદા પાડેલો—દેવાંગનાઓના [9]દર્પણ રૂપ કૈલાસ પર્વતનો [10]અતિથિથજે—જે કૈલાસ પર્વત કમળોના જેવાં ધોળાં શિખરોની ઉન્નતાવડે આકાશને વ્યાપીને દરરોજ મહાદેવજીના અતિ હસવાનો [11]ઢગલો ન હોય શુ ? આખે રૂપે રહ્યો છે. ॥ ૫૮ ॥

उत्पश्यामि त्वयि तटगते स्निग्धभिन्नाञ्जनाभे
सद्यः कृत्तद्विरददशनच्छेदगौरस्य तस्य ।
शोभामद्रेः स्तिमितनयनप्रेक्षणीयां भवित्री-
मंसन्यस्ते सति हलभृतो मेचके वाससीव ॥ ५९ ॥

અર્થ—ઘાટ મરાલી નાંખેલા કાજળની [12]કાન્તીવાળો તું

(૮)રાવણે મહાદેવનુ ગાઢ તપ કર્યું, ને મહાદેવને પોતાની નગરી લંકામાં આવવા નિમંત્રણ કર્યું તે મહાદેવે ન સ્વીકારવાથી રાવણને ક્રોધ ચડયો ને તેથી કૈલાસ ખોદી નાંખવાની ભયંકરી કૈલાશની શીલાવો તોડી ફેકવા રૂપ તોફાન મચાવ્યું તે સમય ભગવાન ભવાનીશંકર કૈલાશ પોતાનું પોતાના ડાબા પગના અંગુઠા વડે સંરક્ષણ કર્યું હેવી કંથા પ્રસિદ્ધ છે (૯) ચારણ આ કૈલાશની વિશેષણ છતે સફેત સ્ફાટીક જેવો માટે બીમ્બ થઇ શક્તિ ને તેથીજ દર્પણ રૂપ કહ્યો (૧૦) પરોણો (૧૧) હસવું ધોળું હોય માટે ઢગલા રૂપ એ ઊત્પ્રેક્ષા છે (૧૨) અભિલાષ

એના શીખર ગયા છતાં, છીન્ન હાથી દાંતના કકડાના જેવો ગોરો તે કૈલાસ પર્વતની; કાળાં એ વસ્ત્ર ખભે મુકેલા [13]બળભદ્રની જેમ—સ્થિર નેત્રથી જોવા લાયક શોભા (થશે) એમ હું (અહી રહયાં રહયાં અનુમાન કરૂં છું) ॥ ૫૯ ॥

हित्वा तस्मिन्भुजगवलयं शंभुना दत्तहस्ता

क्रीडाशैले यदि च विचरेत्पादचारेण गौरी ।

भङ्गीभक्त्या विरचितवपुः स्तम्भितान्तर्जलौघः

सोपानत्वं कुरु मणितटारोहणायाग्रयायी ॥ ६० ॥

અર્થ—તે કૈલાસ નામના [1]ક્રિડા પર્વતમાં (પાર્વતીને બીક લાગે માટે) સર્પનું કડુ કાડી નાખીને મહાદેવજીએ (ઝાલવા) આપેલ હાથવાળી પાર્વતી જો (કદ્દ) પોતાના પગવતે ચાલેતો શંતાઇ રહેલ અંતર જલના [2]પ્રવાહવાળો [3]વર્ણની રચનાથી બનેલ શરીરવાળો આગળ ચાલનો તું મણી [4]તટપર ચડવા માંટે [5]સોપાન રૂપ થજે ॥ ૬૦ ॥ *

तत्रावश्यं वलयकुलिशोद्घट्टनोद्गीर्णतोयं

नेष्यन्ति त्वां सुरयुवतयो यन्त्रधारागृहत्वम् ।

ताभ्यो मोक्षस्तव यदि सखे धर्मलब्धस्य न स्या-

त्क्रीडालोलाः श्रवणपरुषैर्गर्जितैर्भाययेस्ताः ॥ ६१ ॥

અર્થ—તે કૈલાસમાં [6]દેવાંગનાઓ કંકણની ધારાના પ્રહારવડે

[૧૩] બળભદ્રને કાળાં વસ્ત્ર પહેરવાનો શોખ હતો એમ કેવાય છે માટે બળભદ્ર ગોરો ને પર્વત પણ ગોરો ને કાળા વસ્ત્રને ઠેકાણે મેઘ પણ કાળો માટે એ અનુમાન થાય

(૧) મોજશોખ મારવાનો પર્વત સ્થાન [૨] મતલબ પાણી અંતરમાં રાખીને (૩) ભાગ શરીરનો (૪) પગથીયાં=દાદર [૫] હીરા માણેક વીગેરેથી બનાવેલ શીખર×સોપાન રૂપથજ એટલે તારી સેવા ભક્તિ દર્શાવજે (૬) ... ીયો

(તારા શરીરમાંથી) પાણી કાડી કૃત્રિમ ધારા ગ્રહને [7]પ્રમાડશે; માટે હે મિત્ર [8]ઊનાળામાં પ્રાપ્ત થએલાને તને તે દેવાંગનાઓ નાછોડે તો ક્રીડાશક્ત તેણીયોના કર્ણ ને કઠોર લાગે તીવી તારી ગર્જનાઓથી તું બીવડાવજે (કે તરત છોડી દેશે) ॥ ૬૧ ॥

हेमाम्भोजप्रसवि सलिलं मानसस्याददानः

कुर्वन्कामं क्षणमुखपटप्रीतिमैरावतस्य ।

धुन्वन्कल्पद्रुमकिसलयान्यंसुकानीव वातै-

र्नानाचेष्टैर्जलद ललितैर्निर्विशेस्तं नगेन्द्रम् ॥ ६२ ॥

અર્થ—હે મેઘ સુવર્ણ કમલના [9]જનકરૂપ માનસ સરોવરના જળને ગૃહણ કરતો—તથા [10]ઇંદ્રના ઐરાવત હાથીની; જળ પીતી વખતે મોડામાં ગર્જના એ પ્રીતી કરતો તથા કૃલ્પ વૃક્ષની પલ્લવોને વસ્ત્રોની માફક મેઘ પવનવડે હલાવતો વીવીધ ચેષ્ટાવાળી ક્રીડાઓએ તે કૈલાશને મરજી મુજબ [11]ભોગવજે ॥ ૬૨ ॥

तस्योत्सङ्गे प्रणयिन इव स्रस्तगङ्गादुकूलां

न त्वं दृष्ट्वा न पुनरलकां ज्ञास्यसे कामचारिन् ।

या वः काले वहति सलिलोद्गारमुच्चैर्विमाना

मुक्ताजालग्रथितमलकं कामिनीवाभ्रवृन्दम् ॥ ६३ ॥

અર્થ જેમ (કોઈ સ્ત્રી) પોતાના પ્યારાના તેમ તે કૈલાશ પર્વત-

(૭) ઠરેલુ તારૂં અંતર જળમાં ઠંડકને માટે કંકણોની ધારો મારી તને ઓગાળી નાંખશે આથી સ્ત્રીઆં ॥ વીનોદ સુચવે છે મતલબ તારૂં અતઃકરણ ઓગાળી દેશે (૮)આ વીશેશણ દેવભૂમીમાં સર્વદા સર્વ રૂતુનુ સરખાપણુ સૂચવે છે અથવા પ્રથમ મેઘ છે માટે એમ લખ્યું હશે

(૯)પેદા થવાની જગો [૧૦] મરજી મુજબ ફરનાર તેથી અથવા શીવ પૂજન માટે ઈન્દ્ર આવે તેથી એ હાથીનો અહીં આવવાનો સંભવ છે

(૧૧)એજ મીત્રના ઘરમાં મિત્રતાનું ફળ; શાથી મેઘને પર્વત કમળને સૂર્ય સમુદ્ર ને ચંદ્ર પવનને અગ્ની એમને સહજ મિત્રતાજ હોય છે

ના [12]ઉત્સંગમાં; ખશી ગએલ ધોળાં વસ્ત્રવાળી કુબેરની અલકા નગરીને; હે [13]કામચારી તું ફરીથી જોઇને નહી ઓળખુ તેમ [14]નહી. જે ઉંચી હવેલીયોવાળી અલકા ટપકતી જળની ધારાવાળા મેઘ સમુહને, કામીની સ્ત્રી જેમ મોતીની ગુંથેલી પોતાની વેણીને તેમ ધારણ કરે છે ॥ ૬૩ *

(૧૨) ખોળો અથવા ઊંચો ભાગ (૧૩) ખુશીમાં આવે ત્યાં જનારા ખનાર (૧૪) મતલબ ઓળખીશજ કારણ દર વર્ષમાં તુ ત્યાં જાય છે



उत्तरमेघ.

विद्युत्वन्तं ललितवनिताः सेन्द्रचापं सचित्राः

संगीताय प्रहतमुरजाः स्निग्धगम्भीरघोषम् ।

अंतस्तोयं मणिमयभुवस्तुङ्गमभ्रंलिहाग्राः

प्रासादास्त्वां तुलयितुमलं यत्र तैस्तैर्विशेषैः ॥ १ ॥

અર્થ—જે અલકાનગરીમાં સુંદર સ્રીઓવાળા ચીત્રયુક્ત, સંગીત નાદ મહિવાગતો મૃદંગવાળા, મણીમય પૃથ્વીના, આકાશને અડકતા મહેલો; વીજળી (સ્રી) ઈન્દ્ર ધનુષ (ચીત્ર) સાંભળવા લાયક ગંભીરનાદ તા. અંતર્ગત જળવાળાને ઊંચાને તને તેતે વિશેષો વડે તુલના કરવાને તે (મહેલ) [1]પર્યાપ્ત છે—?× ॥ ૧ ॥

हस्ते लीलाकमलमलके बालकुन्दानुविद्धं

नीता लोध्रप्रसवरजसा पाण्डुतामानने श्रीः ।

चूडापाशे नवकुरबकं चारु कर्णे शिरीषं

सीमन्ते च त्वदुपगमजं यत्र नीपं वधूनाम् ॥ २ ॥

અર્થ—એ અલકાનગરીમાં સ્રીઓના હાથમાં લીલા (રમત) ને માટે [2]કમળ હોય છે વાલ નવીન માગ્ધી [3]પુંષ્પથી ગુંથેલ હોય છે,

× આ શ્લોકમાં ઉપમાનને ઉપમેય ભુત મેઘ મહેલના ધર્મોને યથા સંખ્યા એનુંક્રમે ગણાવ્યા છે તે અન્યોન્યસાદૃશપણું સૂચવે છે મેઘની સાથે વિદ્યુત રૂપ સ્રી ત્યારે મહેલમાં વનીતા ઈંદ્રધનુસની સાથે મહેલનુ ચિત્રામણ ઇત્યાદ મહેલને અને મેઘને સરખાપણુ છે બીજા પ્રતી બીજા ભાવનડે પુર્ણોપમા લંકાર થયો. (૧) પૂર્ણ

(૨)આ શરદ ઋતુનુ ચિન્હ છે (૩) આ શિર ઋતુ પણ સીમંતમાં પ્રોક્ત ભાગ થાય છે અને શરિરમાં મોટાં થાય છે માટે હેમન્તનું અનુમાન... હેમન્ત ઋતુનું કાર્ય સમજવુ.

શિશિર રૂતુમાં થયેલ લોધ્ર પુષ્પના પરાગવડે મુખની શોભા પાંડુપણાને પામી હોય છે, અંબોડામાં વસંતપુષ્પ નવકુરબક હોય છે કાનમાં સુંદર ગ્રીષ્મ રૂતુનુ સિરિષપુષ્પને સેંથામાં તારી વૃષ્ટીથી થયેલ કમ્બ પુષ્પ હોય છે. ॥ ૨ ॥

यस्यां यक्षाः सितमणिमयान्येत्यहर्म्यस्थलानि

ज्योतिश्छायाकुसुमरचितान्युत्तमस्त्रीसहायाः ।

आसेवन्ते मधु रतिफलं कल्पवृक्षप्रसूतं

त्वद्गम्भीरध्वनिषु शनकैः पुष्करेष्वाहतेषु ॥ ३ ॥

અર્થ—અલકાનગરીમાં સુંદર સ્રીયો રૂપ મિત્રવાળા [૫]યક્ષો; સ્ફટીક મણીમય કીંવા ચંદ્રકાન્ત મણીમય [૬] (તેથીજ) તારાઓના પ્રતિબિમ્બરૂપ ફુલોએ બનાવેલ હવેલીયોના સ્થાનોને પામીને તારા ગંભીર ધ્વનીની પેઠે ધ્વનીવાળાં પુષ્કર વાજીંત્ર ધીમે ધીમે વગાડા છતાં કલ્પવૃક્ષથી પેદા થયેલ [૭]રતિ ફળવાળુ મધ. સેવેછે ॥ ૩ ॥

मन्दाकिन्याः सलिलशिशिरै सेव्यमाना मरुद्भि-

र्मन्दाराणामनुतटरुहां छायया वारितोष्णाः ।

अन्वेष्टव्यै कनकसीकतामुष्टिनिक्षेपगूढै-

संक्रीडन्ते मणिभिरमरप्रार्थिता यत्र कन्याः ॥ ४ ॥

અર્થ—એ અલકા નગરીમાં દેવલોકોયે પ્રાર્થના કરેલી[૯]; ગંગાજીના જળ વડે ઠંડા પવને સેવવા યોગ કાંઠામાં ઊગેલ મંદાર વૃક્ષોની છાયાએ શાન્ત કરેલા તાપ વાળીયો યક્ષ કુમારીયો; સુવર્ણની રેતીમાં મુઠી વડે નાખવાથી ઢંકાઈ ગએલા તેથીજ શોધી કાડવા યોગ્ય રત્નો વડે ક્રીડા [૧૦](રમત) કરે છે. ॥ ૪ ॥

---

[૪] પુષ્પની ધૂળ ×આ શ્લોકવડે અલકાનગરીને સર્વ રૂતુની સાથે સંપત્તી સૂચવી છે એકજ વખતે છયે રૂતુનું સુખત્યા મળે છે

(૫) દેવની જાત (૬) આ બે વિશેષણ મધપાન ભુમીનું સ્વચ્છપણું સૂચવે છે (૭) સંભોગ=પ્રિતી (૮) આથી નૃત્ય ગીતનુ પણ લક્ષ થાય છે (૯) કે તમો હમારી સાથે લગ્ન કરો (૧૦) આથી ગુપ્તમણી દેશી કરમત સૂચના છે જુવો + रत्नादिभिर्वा लुकादौ गुप्तैर्द्रष्टव्यकर्मभिः कुमारीभिः क्रीडा नाम्ना गुप्तमणि स्मृता।

नीवीबन्धोच्छ्वसितशिथीलं यत्र बिम्बाधराणां
क्षौमं रागादनिभृतकरेष्वाक्षीपत्सु प्रियेषु ।
अर्चिस्तुङ्गानभिमुखमपि प्राप्य रत्नप्रदीपा-
न्हीमूढानां भवति विफलप्रेरणा चूर्णमुष्टिः ॥ ५ ॥

અર્થ—જે અલકાનગરીમાં (સ્ત્રીયોના) પહેરેલા વસ્ત્રની ગાંઠ છુટવાથી [1]શીથિલ વસ્ત્રને પ્યારથી ખેંચતા ચપળ હાથવાળા ધણી હોયા છતાં[2]—શરમથી ગાભરી [3]બીમ્બાધર સ્ત્રીયોની કુસુમાદી [4]ચુર્ણ મુઠી કાન્તિવાળા, કીરણો વડે ઊંચા, રત્નરૂપ દીવાયોના સામા થઇને વિફળ પ્રેરણાવાળી થાય છે. ॥ ૫ ॥

नेत्रा निताः सततगतिना यद्विमानाग्रभूमी-
रालेख्यानां नवजलकणैर्दोषमुत्पाद्य सद्यः ।
शङ्कास्पृष्टा इव जलमुचस्त्वादृशो जालमार्गै-
र्धूमोद्गारानुकृतिनीपुणा जर्जरा निष्पतन्ति ॥ ६ ॥

અર્થ—દોરીને લઈ જનાર સદા ગતિવાળા પવને તે નગરીના સાત માળની હવેલીયોની અગાસીમાં પોચાડેલા તારા જેવાજ (બીજા) મેઘો (મહેલના) ચિત્રામણને જળના છાંટા વડે [6]દોષ પેદા કરીને તત્કાલ ડરતા[7] હોય એમ ધુમાડાની પેઠે ઝાળમાર્ગે નીકળવામાં કુશળ ટપકતા છતાં જાળીયાંને રસ્તે નીકળી જાય છે. ॥૬॥

[૧] નરમ [૨] મતલબ કે નરમ વસ્ત્રને ખેંચતી વખતે [૩] પાકાં ઘીલોડાના જેવા હોટવાલી [૪] ભુકો (૫) મતલબ રત્ન દીવા ઉપર કંકુ નાખવાથી પણ હોલવાતા નથી માટે નકામી મેનતવાલી તે મુઠી થાય છે આ શ્લોકમાં રત્ન રૂપ દીવાનો હોલવવા રૂપ પ્રયત્નવડે તે સ્ત્રીયોનું અતી મુગ્ધપણું સૂચવ્યું છે કારણ કે તે કંકુની મુઠી નાખવાથી તે દીવા હોલવાવાના નથી કારણ કે તે કાન્તીવાળા રત્નો મહેલમાં ચોડેલાં તેમાં ચંદ્રનું પડેલું પ્રતિબંબ છે. તે હોલવાય નહી [૬] ચિત્રામણના અર્થમાં ડાઘાને સ્ત્રીનાઅર્થમાં સંભોગ [૭] ડાઘા પાડવા રૂપ અપરાધછે માટે ડરતા—જેમ કોઇ દલાલ કોઇના અંતઃપુરમાં લઇ જઇ પછી સ્ત્રીયોને વ્યભીચાર દોષ યુક્ત કરી તત્કાળ ડરતા છીનાળવા વેસ બદલી જાળી વાટે માર્ગે નીકળી જાય છે તેવો ભાવાર્થ છે.

यत्र स्त्रीणां प्रियतमभुजालिङ्गनोच्छ्वासितानाम्-

मङ्गग्लानिं सुरतजनितां तन्तुजालावलम्बाः ।

त्वत्संरोधापगमविशदैश्चन्द्रपादैर्निशीथे

व्यालुम्पन्ति स्फुटजललवस्यन्दिनश्चन्द्रकान्ताः ॥ ७ ॥

અર્થ—જે નગરીમાં અર્ધ રાત્રે તારા [૮]આવરણના ટળવાથી નિર્મળ ચંદ્ર કીરણોએ સ્ફુટ જળના છાંટા ટપકતા—ચંદ્ર કીરણરૂપ ટેકાવાળા. ચંદ્રકાન્ત મણીઓ; પ્રિયતમના હાથ વડે બાઝવામાં શિથળ સ્ત્રીઓના સંભોગથી; પેદા થયેલ થાકને [૯]મટાડે છે. ॥૭॥

अक्षय्यान्तर्भवननिधयः प्रत्यहं रक्तकण्ठै-

रुद्गायद्भिर्धनपतियशः किंनरैर्यत्र सार्धम् ।

वैभ्राजाख्यं विबुधवनितावारमुख्यासहाया

बद्धालापा बहिरुपवनं कामिनो निर्विशन्ति ॥ ८ ॥

અર્થ—જે નગરીમાં અખુટ અંતર ભંડાર[૧૦]ભવન વાળા; [૧૧]ગુણીકા અપસરા રૂપ વાળા બદ્ધા લાપ કામી પુરૂષો દરરોજ ઊંચે મધુર કંઠે* કુબેરની કીર્તાને ગાનાર [૧૨]કીન્નર લોકોની સાથે સોબત [૧૩]વૈભરાજ્ય નામના બાહયો દાનને ભોગવે છે. ॥ ૮ ॥

गत्युत्कम्पादलकपतितैर्यत्र मन्दारपुष्पैः

पत्रच्छेदैः कनककमलैः कर्णविभ्रंशिभिश्च ।

[૮] ચોરો [૯] મતલબ એ નગરીમાં સંભોગ થાકતો લાગતોજ નથી [૧૦] ઘરમાં [૧૧] આ વીશેષણ સુખ ભોગની સુચના કરે છે [૧૨] ગાંધર્વ લોક (૧૩) ચૈત્ર રથનો બગીચો.

* [ઊંચે મધુર કંઠે] આ વીશેષણ—દેવલોક હમેશાં નીચા, ખરજ મધ્યમના સુરમાં ગાતા નથી પણ ગાંધાર ગ્રામથી ગાયછે "षडज मध्य नामना ग्रामौ गायन्ति मानवा ॥ नतुगान्धार नामनं सलभ्यो देवयोनिभिः

मुक्ताजालैः स्तनपरिसराच्छिन्नसूत्रैश्च हारै-
नैशो मार्गः सवितुरुदये सूच्यते कामिनीनाम् ॥ ९ ॥

અર્થ—જે નગરીમાં સૂર્યોદય થયે છતે ઉતાવળા ચાલવાથી. વાળમાંથી પડેલાં મંદાર પુષ્પોએ તથા. પત્રલતાના પડેલા કડકાઓએ તથા કાનમાંથી પડનાર સુવર્ણ કમળીએ તથા મોતિનીસેરોએ તથા. સ્તન તટથી તુટેલા હારોએ. [1]અભિસારીકાઓના માર્ગ [2]સુચવે છે ॥ ૯ ॥

मत्वा देवं धनपतिसखं यत्र साक्षाद्वसन्तं
प्रायश्चापं न वहति भयान्मन्मथः षट्पदज्यम् ।
सभ्रूभङ्गप्रहितनयनैः कामिलक्ष्येष्वमोघै-
स्तस्यारम्भश्चतुरवनिताविभ्रमैरेव सिद्धः ॥ १० ॥

અર્થ—જે નગરીમાં [3]મનમથ, કુબેરના મિત્ર મહાદેવને સાક્ષાત સ્વમિત્ર વસંત જાંણીને ભયથકી ભ્રમર રૂપ પણ છવાળુ ધનુષ્ય ધારણ કરતો નથી (તોપણ તે મનમથનો (કામી પુરૂષોને જીતવા રૂપ) વ્યાપાર કામી પુરૂષ રૂપની શાનમાં ભ્રૂભંગ સહીત જોડેલી દૃષ્ટીઓવાળા. સફળ ચતુર સ્ત્રીઓના [4]વિભ્રમો વડેજ શિદ્ધ થાય છે ॥ ૧૦ ॥

અવતરણીકા—સ્ત્રીઓના આભૂષણ "રસાકરમાં" ચાર પ્રકારે વર્ણવ્યાંછે (૧) [5]કચધાર્યે (૨) [6]દેહધાર્યે (૩) [7]પરીધેય (૪)વીલેપને એજ આ શ્લોકમાં જણાવ્યાછે

અભિ=સામુ. સારીકા=જનારી. અભસારીકા=પોતાના રમણના ઠેકાણ તરફ જનારી [રસ્તામાં પડેલ મંદાર પુષ્પ વીગેરેથી અભીસારીકાઓ અહી થઇને ગઇ છે એમ અનુમાન થાય છે.

[૩] મન=ચિત્ત તેને મથનાર કામદેવ. [૪] આથી કામદેવના ધનુષને કલ્પિત નીરર્થકપણું તે નગરીમાં સંભવે છે (૫) વાળમાં પેરવા પોગ્ય [૬] શરીરમાં ધારણ કરવા યોગ્ય (૭) ઓઢવા યોગ્ય (૮) ચોપડવુ.

वासश्चित्रं मधु नयनयोर्विभ्रमादेशदक्षं
पुष्पोद्भेदं सह किसलयैर्भूषणानां विकल्पान् ।
लाक्षारागं चरणकमलन्यासयोग्यं च यस्या-
मेकः सूते सकलमबलामण्डनं कल्पवृक्षः ॥ ११ ॥

અર્થ—જે નગરીમાં વિચિત્ર [૯]વસ્ત્ર; નેત્રોની વિલાસના ઉપદેશમાં ડાહ્યું મધ; [૧૦]કુંમળા સહિત [૧૧]પુષ્પોદ્ભવ, મનગમતા આભુરણ; તથા ચરણ કમળમાં પડવા યોગ્ય [૧૨]લાક્ષારસ; એ સર્વ ચાર પ્રકારનું સ્ત્રીઓનું આભુષણ એક કલ્પવૃક્ષજ પેદા કરેછે[૧૩] ॥ ૧૩ ॥

तत्रागारं धनपतिगृहादुत्तरेणास्मदीयं
दूराल्लक्ष्यं सुरपतिधनुश्चारुणा तोरणेन ।
यस्योपान्ते कृतकतनयः कान्तया वर्धितो मे
हस्तप्राप्यस्तबकनमितो बालमन्दारवृक्षः ॥ १२ ॥

અર્થ—તે અલકાનગરીમાં કુબેર રાજાના ઘરથી ઉત્તર બાજુમાં ઇન્દ્ર ધનુષ્ય જેવા સુંદર [૧૪]તોરણવાળું ફરીથી જોવા લાયક મારૂ ઘરછે જેની બાજુપર મારી સ્ત્રીએ ઊછરેલ—કૃત્રીમ [૧૫]પુત્ર ગુચ્છાઓથી નમેલા (તેથીજ હાથવડે ઝાલી સકાય હેવો બાળ મંદાર [૧૬]વૃક્ષછે ॥૧૨॥

वापी चास्मिन्मरकतशिलाबद्धसोपानमार्गा
हैमैश्छन्ना विकचकमलैः स्निग्धवैदूर्यनालैः ।
यस्यास्तोये कृतवसतयो मानसं संनिकृष्टं
नाध्यास्यन्ति व्यपगतशुचस्त्वामपि प्रेक्ष्य हंसाः ॥ १३ ॥

અર્થ—જે ઘરમાં મરકત મણીની શીવાઓવડે બાંધેલ પગથી-

---

(૯) આનુ નામ પરીધેય [૧૦] આ દેહધાર્ય (૧૧) આકાચધાર્ય (૧૨) આનુ નામ વીલેપન [૧૩] નહી કે જુદી જુદી વસ્તુઓ જુદાં જુદા સાધનોથી પેદા કરાય છે ફક્ત કલ્પવૃક્ષજ પેદા કરેછે. (૧૪) આ જગોપર અર્થના સ્વારસ માટે વીભક્તી ફેરવી છે (૧૫) નહી પુત્ર છતાં પુત્ર તરીકે માનેલો દત્ત. [૧૬] આ શ્લોકથી પોતાના ઘરનું ઓળખાણ બતાવે છે.

યાંવાળી તા. વિદુરમણીના દાંડાઓવાળાં સ્વર્ણ કમળથી છવાએલી વાવ્ય છે જે વાવ્યના પાંણીમાં વસતા હંસો તને જોઇને પણ તે ટળેલા શોકવાળા પાસેના માનસરોવરને સંભારતા નથી. ॥ ૧૩ ॥

तस्यास्तीरे रचितशिखरः पेशलैरिन्द्रनीलैः

क्रीडाशैलः कनककदली वेष्टप्रेक्षणीयः ।

मद्गेहिन्या प्रिय इति सखे चेतसा कातरेण

प्रेक्ष्योपान्तस्फुरिततडितं त्वां तमेव स्मरामि ॥ १४ ॥

અર્થ—તે વાવ્યના કાંઠામાં સુંદર ઇન્દ્ર નીલમણીમય શિખરવાળો; કનક કદળીઓના વિહાવાથી જોવા લાયક [3]ક્રીડા શૈળ છે.—હે મિત્ર પડખાયોમાં સ્ફુરીત [4]વીજળીયોવાળાને તનેજ જોઇને મારી સ્ત્રીને વાહાલો તે કારણુથી સાનંદ ચિત્તવડે તેજ ક્રિડા શૈળને હું સંભારૂં છું. ॥ ૧૪ ॥

रक्ताशोकश्चलकिसलयः केसरश्चात्रकान्तः

प्रत्यासन्नौ कुरवकवृतेर्माधवीमण्डपस्य ।

एकः सख्यास्तव सह मया वामपादाभिलाषी

काङ्क्षत्यन्यो वदनमदिरां दोहदच्छद्मनास्याः ॥ १५ ॥

અર્થ—તે ક્રિડા શૈલમાં કુર્બક પુષ્પના વૃક્ષ રૂપ વાડવાળો માધવી મંડળની પાસે—નવાંકુરવાળો રાતો અશોક અને મનોહર કેસર વૃક્ષ છે. તે એક પહેલો (અશોક) ફળવાના કારણુથી [5]મારી

(૧) મેઘને [૨] મી જોઇને હંસો માનસરોવરમાં જાય છે જુવો પૂર્વ મેઘ શ્લોક ૧૧ મો. પણ આસ્થાન પ્રીય લાગવાથી માનસરોવરમાં જતા (૩) વીહાર કરવાનુ સ્થાન (૪) આ વીશેષણુ કદલીની બરોબરી કરવા માંડે છે ઇન્દ્ર નીલની બરોબર સ્વાભાવીક મેઘની સાથે (૫) હું અને એ બે જણ ઇચ્છા રાખીયેછીએ અશોક સ્ત્રી નીલા તથા બંબકુલ તેના મુખ મદીરાથી ફળે છે એ ભાવ છે જુવો.

• [श्रीण स्पर्शात्प्रियङ्गुविकशतिबकुलःसीधुगंडूषसे कासादाघाताशोके स्तिल ककुरबः वीक्षण्यभिङ्गनाभ्याम् ॥ मद्वारानर्म वाक्यासदुमृदु सङ्नाचश्च कौवक्र वाताचूतोगीताम्नमेरु विकसेति चपुरोन तेनात्क णिकार:]

સાથે પ્રીયાના વામ પાદનો અભીલાષી છે. અને બીજો કેસર (વૃક્ષ) પણ તેજ કારણથી મારી સાથે પ્રીયાના મુખ મદીરાને ઇછે છે. ॥૧૫॥

तन्मध्ये च स्फाटिकफलकाकाञ्चनी वासयष्टि-
मूले बद्धा मणिभिरनतिप्रौढवंशप्रकाशैः ।
तालैः शिञ्जावलयसुभगैर्नर्तितः कान्तया मे
यामध्यास्ते दिवसविगमे नीलकण्ठः सुहृद्वः ॥ १६ ॥

અર્થ—મારી કાન્તાએ શબ્દાયમાન કંકણવડે સુંદર તાળીથી નચાવેલ તમારો મીત્ર મયુર સાયંકાળે જે થાંભલામાં બેસે છે તે થાંભલો) એ વૃક્ષની મધ્યે કુમળા વાંસના પ્રકાસ જેવા (લીલા) મરકત શિલાઓથી મુળમાં બાંધેલો (તથા) સ્ફટીક મણીમય કુબીવાળો—ઘરનો સુવર્ણ સ્થંભ છે[૧] ॥૧૬॥

एभिः साधो हृदयनिहितैर्लक्षणैर्लक्षयेथा
द्वारोपान्ते लिखितवपुषौ शङ्खपद्मौ च दृष्ट्वा ।
क्षामच्छायं भवनमधुना मद्वियोगेन नूनं
सूर्यापाये न खलु कमलं पुष्यति स्वामभिख्याम् ॥ १७ ॥

અર્થ—દ્વારના આંગણાંમાં ચિત્રેલી આકૃતિવાળા શંખ પદ્મ નામના ભંડારને જોઈને નક્કી જેમ સૂર્યાસ્ત થયા પછી કમળ જેમ શોભતુ નથી તેમ મારા વિયોગે ક્ષીણ કાન્તિવાળું મારૂં ઘર[૧]—

(૧) तत्रागारं એ બારમા શ્લોકથી આ શ્લોક સુધી જે સમૃધ વસ્તુનુંવર્ણન કરયું છે તેથી ઉદાત્તાલંકાર થયો જુઓ તદુदात्तं यत्र समृद्धं वस्तु वर्ण्यते

(૧) જેમ સુર્ય વગર કમળ શોભતું નથી તેમ પતિ વગર ઘર શોભતું નથી

હે સાધુ. હૃદયમાં યાદ રાખેલાં પુર્વેક્ત[2] તોરણાદિ નિશાનીઓ વડે શોધિ કાડજે. ॥૧૭॥

गत्वा सद्य कल्भतनुतां शीघ्रसंपातहेतो:

क्रीडाशैले प्रथमकथिते रम्यसानौ निषण्णः ।

अर्हस्यन्तर्भवनपातेतां कर्तुमल्पाल्पभासं

सद्योताली‍विलसितनिभां विद्युदुन्मेषदृष्टिम् ॥ १८ ॥

અર્થ—જલદી પેસવા માટે તત્કાળ હાથીના બચ્ચાના શરીર જેવાં થઇને પુર્વાક્ત સુંદર શિખરવાળા ક્રીડા શૈલમા બેશીને. ઝેજ ઝેજ પ્રકાશવાળી: [3]ખદ્યોતની પંક્તિના ખીલવવા (વડે કાન્તિ વાળી—વીજળીના પ્રકાશરૂપ તારી દૃષ્ટિ (તું) મકાનોની અંદર નાખવાને યોગ્ય છું. ॥૧૮॥*

तन्वी श्यामा शिखरिदशना पक्वबिम्बाधरोष्ठी

मध्ये क्षामा चकितहरिणीप्रेक्षणा निम्ननाभिः ।

श्रोणीभारादलसगमना स्तोकनम्रा स्तनाभ्यां

या तत्र स्याद्युवति‍विषये सृष्टिराद्येव धातुः ॥ १९ ॥

અર્થ—કૃશાંગી[4] જુવાન તીના દાંતવાળી[5] પક્વબિમ્બા [6]ધરોષ્ટી: કૃશોદર.[7] ચપળ હરણીના જેવા મુજબ દૃષ્ટીવાળી[8]—જાડી-

(૨) પેહલાં પાંચ શ્લોકમાં કહેલા (૩)ચળકતી પાંખવાળું અગીયા તારા નામનું જાનવર + જેમ કોઈ મનુષ્ય કોઈ વસ્તુ સોધવા ઉંચા સ્થાનપર બેસી પોતાની ઇષ્ટ જગોપર ઈષ્ટ વસ્તુ સોધવા દ્રષ્ટી પસાર કરે તદ્દ્ભ ભાવ છે (૪) પાતલી (૫) આ વીશેષણ એ સૌભાગ્યની સૂચના કરે છે જુવો સામુદ્રીક समानदन्ता स्युर्यासांतासां पदे जगत्सर्व ॥ दंताशिखिरिणोर्य स्वादिर्ग जिवति तत्पात: ॥ चेति ॥ (૬) પાકાં ઘીલોડાંના જેવા હોઠવાળી. [૭] પાતળી કમ્મરવાળી

[૮] આથી આ સ્ત્રીને પદ્મણીપણું જણાય છે જુ. રતિરહસ્યમાં પદ્મણીનું લક્ષણ [चकित: गदशाल प्रान्तरक्तेचनत्रे] ઇ.વિ.

કુટીવાળી.[૯] નિતમ્બનાભારથી[૧૦] મંદ ગામિની એ સ્તનના ભારથી જરા નમેલી [૧૧]યુવાન સ્ત્રીયોમા બ્રહ્માનુ પ્રથમ [૧૨]સૃષ્ટી રૂપ (એ મારી સ્ત્રી) તે ઘરમાં છે ॥૧૯॥

तां जानीथा परिमितकथां जीवितं मे द्वितीयं
दूरीभूते मयि सहचरे चक्रवाकीमिवैकाम् ।
गाढोत्कण्ठां गुरुषु दिवसेष्वेषु गच्छत्सु बालां
जातां मन्ये शिशिरमथितां पद्मनी वान्यरूपाम् ॥ २० ॥

અર્થ—સાથે વસનાર ચક્રવાક દૂર ગયાથી ચક્રવાકી જેમ તેમ (હમેશ) સાથે રહેનાર હું[૧૩]દૂર દેશ રહ્યાથી ઓછું બોલનારી ઘરમાં એકલી રહેલી તેણીને મારૂં બીજું જીવતર જાણજે (શાથી) પ્રબળ વિરહ વેદનાવાળી બાળા મારા વિરહવાળા દીવસો ગયા છતાં શિશિર રૂતુ એ મથન થયેલી[૧૪] પદ્મની જેમ તેમજ પેહલાંથી જુદા આકારવાળી થયેલી હું માનુ છું ॥૨૦॥

नूनं तस्या प्रबलरुदितोच्छूननेत्रं प्रियाया
निःश्वासानामशिशिरतया भिन्नवर्णाधरोष्ठम्
हस्तन्यस्तं मुखमसकलव्यक्ति लम्बालकत्वा-
दिन्दोर्दैन्यं त्वदनुसरणाक्लिष्टकान्तेर्बिभर्ति ॥ ९१ ॥

અર્થ—અતિશય રૂદનથી નિસ્તેજ નેત્રવાળુ.[૧] નિશ્વાસની ઉષ્ણુતાવડે ફીક્કા અધરોષ્ટવાળુ હાથમાં [૬]મુકેલુ (ન હોલવાથી)

આથી મદનાતિશયપણું કવિ સુત્રકાર સૂચવે છે (૧૦) સફળ (૧૧) શરીર દોષથી નહી (૧૨) કારીગર લોક ઘણું કરીને પોતાની પ્રથમ કારીગરીમાં સાર કારીગરી વાપરેછે માટે બ્રહ્મા એઓને સૃષ્ટીસજતાં પહેલી બનાવી હશે કે શું એ ઉત્પ્રેક્ષા છે (૧૩) આથી અસહ્ય વીયોગ દર્શાવ્યા છે (૧૪) શિરમાપ ન હોય મહિપદ્મની બગડી જાય તેમ એ મારા વગર—

(૧) આથી વીષાદ જણાવે છે (૨) આથી ચિન્તાતુરપણું જણાવે છે

લબડતા વાળવડે ઓછી કાન્તિવાળુ તે (મારી) પ્રિયાનું મુખ તારા જવાથી ક્ષિણ કાન્તિ ચંદ્રમાની દૈન્યતાને ધારણ કરે છે ॥ ૨૧ ॥

आलोके ते निपतति पुरा सा बलिव्याकुलाया
मत्सदृश्यं विरहतनु वा भावगम्यं लिखन्ती ।
पृच्छन्ति वा मधुरवचनां सारिकां पञ्जरस्थां
कच्चिद्भर्तु स्मरासि रासिके त्वं हितस्य प्रियेति ॥ २२ ॥

અર્થ—દેવતારાધનમાં [3]વ્યાકુળ અથવા વિયોગથી સુકા શરીરની ભાવના કરવા વડે ગમ્ય[4] મારા જેવું (કોઈક વસ્તુ ઉપર ચીતરતી; અથવા મીઠું બોલી પાંજરાંમાંની મેનાંને હે રસાલી તું સ્વામીને સંભારછ કે નહી? (સાથી તુ પણ તેને વાલી છું એ પ્રમાણે પુછતી તારી દ્દષ્ટિયે પડશે. ॥ ૨૨ ॥

उत्सङ्गे वा मलिनवसने सौम्य निक्षिप्य वीणां
मद्गोत्राङ्कं विरचितपदं गेयमुद्गातुकामा ।
तन्त्रीमार्द्रां नयनसलिलै सारयित्वा कथंचि-
द्भूयो भूय स्वयमपि कृतां मूर्च्छनां विस्मरन्ति ॥ २३ ॥

અર્થ—હે સૌમ્ય મેલાં વસ્ત્રવાળા ખોળામાં વીણા મુકીને મારા ગોત્રના નામની નીશાની વાળુ (પોતે) બનાવેલું ગાયન ગાવા યોગ્ય ઉંચે સ્વરે ગાવાની ઇચ્છાવાળી[5]અથવા [6]નયન જળવડે ભીંજેલી વીણા બલાત્કારે સાફ કરીને ફરીફરીનેપોતાની કરેલી [7]મુરછ-ના ભુલતી (તારી દ્દષ્ટીયે પડશે) ॥૨૩॥

દેવ શુભમાં ગભરાયલી (૪) વીયોગમાં હું સુકાઇ ગયો હઈશ એમં અનુમાન-થી મારા જેવી શુંકી છબી. (૫) દેવ યોનીપણાથી તથા ગાંધર્વ ગાંમમાં નિ-વાસવડે એ વાત સંભલીત છે. [૬] પ્રિયતમ સાંભરવાથી ઉત્પન્ન થએલ આં-સુ. (૭) સુરને ચઢવા ઉતરવાનો ક્રમ.

शेषान्मासान्विरहदिवसस्थापितस्यावधेर्वा
विन्यस्यन्ती भुवि गणनया देहलीदत्तपुष्पैः ।
मत्सङ्गं वा हृदयनिहितारम्भमास्वादयन्ती
प्रायेणैते रमणविरहेष्वङ्गनानां विनोदाः ॥ २४ ॥

અર્થ—અથવા વિયોગના દિવસોથી સ્થાપિત અવધિના બાકી રહેલા મહિનાઓને ઉમરાઓમાં મુકેલ પુષ્પોવડે ⁸ગણનાએ પૃથ્વીમાં મુકતી અથવા હૃદયમાં ગોઠવેલ આરંભ વાળો મારો સંગ અનુભવતી (તારી દૃષ્ટિયે પડશે) (શાથીકે) ઘણું કરીને અંગનાએ-રમણના વિયોગમાં (એ પ્રસીદ્ધ)⁹ વિનોદો છે ¹⁰ ॥ ૨૪ ॥

सव्यापारामहनि न तथा पीडयेन्मद्वियोगः
शङ्के रात्रौ गुरुतरशुचं निर्विनोदां सखीं ते ।
मत्सन्देशैः सुखयितुमलं पश्य साध्वीं निशीथे
तामुन्निद्रामवनिशयनां सौधवातायनस्थः ॥ २५ ॥

અર્થ—હે મેઘ દિવસે દિવસે પૂર્વેક્તિ હેવા રાધના¹ દિવ્યા પારવાળી તારી સખીને મારો વિયોગ તે પ્રકારવડે ન પીડ કરે. પરંતુ રાત્રિમાં વ્યાપાર વગરની તારે સખીને અતિ દુર્ભર દુઃખવાળી હું તર્ક કરૂંછું હવે અર્ધ રાત્રે જાગી ઉઠેલ પૃથ્વીરૂપ પથારીવાળી ¹પતિવ્રતા તે તારી સખીને મારા સંદેસાઓ આનંદ કરવામાં પર્યાપ્ત છે= (માટે) મેહેલની બારીમાં રહ્યો સતો તું જોજે (²)

[૮] આ એક બે ત્રણ એ પ્રમાણે. (૯) કાળ ખુટાડવાનો ઉપાયો. [૧૦] આથી સંકલ્પાવસ્થા જણાવી છે. સંકલ્પોનાથ તિષયે મનોરથ ઉદાહૃત. આ શ્લોકના ચોથા ચરણમાં અર્થાંતર ન્યાસછે.

(૧) માટે બીજી રીતે શંકા ન કરવી એ ભાવ છે. આમ મેઘદુત રૂપ છે આ શ્લોકમાં નાગરાવસ્થા સૂચવી છે. (૨) આ વાક્યનો સંબંધ આગ શ્લોકની સાથે છે.

आधिक्षमां विरहशयने संनिषण्णैकपार्श्वां

प्राचीमूले तनुमिव कलामात्रशेषां हिमांशोः ।

नीता रात्रिः क्षण इव मया सार्धमिच्छारतैर्या

तामेवोष्णैर्विरहमहतीमश्रुभिर्यापयन्तीम् ॥ २६ ॥

અર્થ—[3]મનની પીડાથી સુકાયલીવિરહાવસ્થાના શયનમાંના[4] સુન્ય[5] પડખા વાળી પૂર્વે [6]દીશાના મુળમાં ચંદ્રમાની મૂર્તિ તેમ કળા માત્ર શેષ કાન્તિ વાળી જે રાત મારી સાથે ઈચ્છા મુજબ કરેલ સંભોગ વડે એણે ક્ષણ પેઠે ગાળેલી તે મારા વિયેગથી મોટી રાત ઊનાં આંસુ વડે ગાળતી (તુ હવેલીની બારીમાં રહેલો જોજે એમ પુર્વનાશ્લોકની સાથે સબંધ છે)* ॥૨૬॥

पादानिन्दोरमृतशिशिराञ्जालमार्गप्रविष्टा-

न्पूर्वप्रीत्या गतमभिमुखं संनिवृत्तं तथैव ।

चक्षुः खेदात्सलिलगुरुभिः पक्ष्मभिश्छादयन्तीं

साभ्रेऽह्नीव स्थलकमलिनीं न प्रबुद्धां न सुप्ताम् ॥ २७ ॥

અર્થ—જાળીઆંને રસ્તે થઈને પેઠેલા અમ્રતમય ચંદ્રના કીરણોને[7] પૂર્વના સ્નેહ વડે સન્મુખ જેમ ગયું તેમ પાછું આવેલું[8] ચક્ષુ ખેદ વડે આંસુથી ભારે થયેલ પાંપણુવડે ઢાંકેલી[9] તેથીજ દુર દિવસોમાં જેમ મેઘાવરણુથી સ્થલ કમલીની નહી પ્રબુ,લીતને નહી પ્રસુપ્ત તેમ રહેલીને તું જોજે એ પુર્વ શ્લોકની સાથે સબંધ છે*॥૨૭॥

(૧) માટે બીજી શંકા ન કરવી એ ભાવ છે આમાં મેઘદુત રૂપ છે આ શ્લોકમાં નાગરાવસ્થા સુચવી છે [૨] આ વાકયનો સંબંધ આવા શ્લોકની સાથે છે [૩]રૈમનની પીડા (૪) પલ્લવાદીથી મેડને માટે બનાવેલ પથારી [૫] ધણી વગરની (૬) પૂર્વ દીશા તરફ ક્ષીણપણુ જણાવવા માટે છે આ ૬ શ્લોકથી કાર્થ્યાવસ્થા સુચવી છે ૭ પેહલાની માફક આનંદ આપનાર થશે એમ સમજીને ૮ ત્યાર વીરહાવસ્થામાં ઘણુંજ દુસહયપણું છે ૯ વીરહાવસ્થાને લીધે ચંદ્રકિરણ સામુ જોઇ શકતી નથી કારણ કે તે તેણીને અગ્ની સમાન લાગે છે પાંપણુવડે ઢાંકતી એટલે નીચું જોતી આણે વિષય દ્વેશા નામની મદનની છઠી દશા સુચવી છે.

निःश्वासेनाधरकिसलयक्लेशिना विक्षिपन्ती

शुद्धस्नानात्परुषमलकं नूनमागण्डलम्बम् ।

मत्संभोगः कथमुपनयेत्स्वप्नजोऽपीति निद्रा-

माकाङ्क्षन्तीं नयनसलिलोत्पीडरुद्धावकाशाम् ॥ २८ ॥

અર્થ—ધૂપેલ તેલ વગેરેથી રહીત સ્નાનથી નક્કી ગાલ સુધી કઠોર વાળો ને—અધર પત્રને ખેદ પમાડતા નિશ્વાસ વડે ઉંચા ચડાવતી—તથા સ્વપ્નમાં પેદા થયેલ[૧૦] મારો સંભોગ કોઈ પ્રકારે પણ ભોગવે (માટે) અશ્રુ પ્રવૃત્તિએ રોકેલ માર્ગવાળી નિદ્રાને ઈચ્છતિને તું જોજે ॥૨૮॥

आद्ये बद्धा विरहदिवसे या शिखा दाम हित्वा

शापस्यान्ते विगलितशुचा तां मयोद्वेष्टनीयाम् ।

स्पर्शक्लिष्टामयमितनखेनासकृत्सारयन्तीं

गण्डाभोगात्कठिनविषमामेकवेणीं करेण ॥ २९ ॥

અર્થ—[૧]વિરહના પેલ્લા દીવસમાં [૨]દાંમને તજીદઇને જે શિખા બાંધતી [૩]શાપાવશાને ટળેલ શોક વાળાએ મારેજ છોડવા યોગ્ય. સ્પર્શ થયા છતાં બરછટ. કઠણ તે ઉંચી નીચી એક જલદ રૂપ થયેલ તે શિખાને નહી કાપેલા નખાગ્ર વાળા હાથ વડે ગાલ ઉપરથી વારે ઘડીએ[૪] ટાલતીને (તું જોઈશ) ૨૯

सा संन्यस्ताभरणमबला पेशलं धारयन्ती

शय्योत्सङ्गे निहितमसकृद्दुःखदुःखेन गात्रम् ।

त्वामप्यस्रं नवजलमयं मोचयिष्यत्यवश्यं

प्रायः सर्वो भवति करुणावृत्तिरार्द्रान्तरात्मा ॥ ३० ॥

અર્થ—તે અબળા કહી નાખેલા અલંકારવાળુ[૫] અનેક પ્રકારે

[૧૦]સાક્ષાત ભોગનો એ ભાવ છે

(૧) વિયોગ (૨) માથુ બાંધવાનું નાડુ (૩) શાપ પુરે થયે ૪ આ શિખાથી ચિતની વિભ્રમ દશા સુચવી છે * ૫ શુસ્કતાને લીધે

દુ:ખ વડે સયોત્સંગમાં મુકેલું મૃદુ શરીર ધારણ [૮] કરતી તે તને પણ નવીન જળ રૂપ આંસુ મુકાવશે (સાર્થા) ઘણું કરીને સર્વ આર્દાન્તરાત્મા કરૂણા મય અંત:કરણની વ્રતી વાળા થાય છે ૩૦

जाने सख्यास्तव मयी मन संभ्रतस्नेहमस्मा-

दित्थंभूतां प्रथमविरहे तामहं तर्कयामि ।

वाचालं मां न खलु सुभगंमन्यभाव करोति

प्रत्यक्षं ते निखिलमचिरादभ्रातरुक्तं मया यत् ॥ ३१ ॥

અર્થ—તારી સખીનું મન મારે વિષે સંચિતાનુ રાગ વાળુ હું માનું છું. આ સ્નેહના જ્ઞાન રૂપ કારણથી આ [૯] પ્રથમ વિરહમાં તે તારી સખીજ પૂર્વોક્ત અવસ્થાને પ્રાપ્ત થયેલી હુ તર્કુ છું: (હું મારે પોતાને ભાગ્યશાળી [૧૦] માનવા પણું વાચાળ કરતુ નથી [૧૧] કરતુ: પરંતુ હે ભાઇ જે મે કહેલુ આધિ કૃષાદિ સર્વ [૧૨] જલદી તેને પ્રત્યક્ષ થસે ૩૧

रुद्धापाङ्गप्रसरमलकैरञ्जनस्नेहशून्यं

प्रत्यादेशादपि च मधुनो विस्मृतभ्रूविलासम् ।

त्वय्यासन्ने नयनमुपरिस्पन्दि शङ्के मृगाक्ष्या

मीनक्षोभाच्चलकुवलयश्रीतुलामेष्यतीति ॥ ३२ ॥

અર્થ—વાળવડે રોકાયેલ અપીગના પ્યાર વાળુ સ્નિગ્ધાંજન રહિત [૧૪] અને વળી મધના છોડવાથી ભ્રુ વિલાસોને ભુલેલું (સ્વકુશળ વાત કેનાર) તું પ્રાપ્ત થયે છતે ઉંચે ફરકતુ તે મૃગાક્ષીનું નયન, માછલાંઓના ચાલવાથી ચળિત કમળની શોભાની તુલનાને પામશે એ પ્રમાણે (મને તર્ક થાય છે.) ૩૨

૬ પચારીમાં ૭ આણે કરીને અત્યંત નીર્બળતાથી મુર્ચ્છાવસ્થા સૂચવીછે જેથી આ અવસરે અવસ્ય તારે આ દુરદશાના પ્રતીકાર માટે જવુંજ જોઈએ એ ભાવ છે (૮) ભેગીકરેલી પ્રીતિવાળું [૯] પેહેલાજ વીયોગએમકેવાનુ કારણ અસહ્યદુ:ખ જણાવવા માટે છે [૧૦] મારે વિશે સ્રીયોનો ભાવ છે એમ સાચુ માનવાથી ભાગ્યશાળી यमंगना [illegible] सुभगइति [૧૧] મારે વિશે તેણીનો પ્યાર છે માટે વધારે કેવા ચાતો નથી (૧૨) સ્લોક. ૨૬ માથી કહેલું છે [૧૩] નેત્રનો ખુણો આ વિશેષણવડે વિરહ ઉત્પન્ન થવા પછી સુખ [illegible] [illegible] તેલ થી વગેરે પદાર્થમાં ત્યાગ કરેલી [illegible]

वामश्चास्याः कररुहपदैर्मुच्यमानो मदीयै-
मुक्ताजालं चिरपरिचितं त्याजितो दैवगत्या ।
संभोगान्ते मम समुचितो हस्तसंवाहनानां
यास्यत्यूरुः सरसकदलीस्तम्भगौरश्चलत्वम् ॥ ३३ ॥

અર્થ—મારા નખક્ષત વગરનો લાંબા કાળના મોતીના કટી[1] ભૂષણને દૈવયોગે તજનાર સંભોગાંતમાં હસ્તવડે [2] મર્દનને યોગ્ય લીલી કેળના સ્તંભ જેવી ગોરી મારી એ પ્રિયાની ડાબી સાથળ ફરકશે. ॥ ૩૩ ॥

तस्मिन्काले जलद यदि सा लब्धनिद्रासुखा स्या-
दन्वास्यैनां स्तनितविमुखो याममात्रं सहस्व ।
मा भूदस्याः प्रणयिनि मयि स्वप्नलब्धे कथंचि-
त्सद्यःकण्ठच्युतभुजलताग्रन्थि गाढोपगूढम् ॥ ३४ ॥

અર્થ—હે મેઘ (તું ત્યાં જઉં) તે સમયમાં તે મારી પ્રિયા જો નિદ્રા સુખને પ્રાપ્ત થએલી હોય (તો) તેણીને જોઇને ગર્જના કર્યા [3]વગર એક પ્રહર માત્ર સબુર [4]ખમને (કારણ) પ્યારવાળો હું તેણીને બલાતકાળે સ્વપ્નમાં પ્રાપ્ત થયા છતાં ગાઢા લીંગનમાંની ભુજલતાની ... કંઠથી તત્કાળ છુટી ન [5]જાય માટે ॥ ૩૪ ॥

(૧) ડબાવવુ (૨) આ ઉપરથી મોતીથી ગુંથેલુ જાળીવાળુ ભુષણુ આગળ પેહેરવાનો રીવાજ હશે એવો અનુમાની થાય છે તે ભૂષણ પણ એણે વિરહાવસ્થાને લીધે અહીંઆં કાઢિ નાંખ્યુ છે એમ કહેવાનો ભાવાર્થ છે.
(૩)મતલબ બોલ્યા વગર કારણ તેણીની નિદ્રા ભંગ થાય (૪) કારણ શશાક્ત દંપતિના સંભોગને એક પહોરવાર લાગે છે માટે સ્વપ્નમાં પણ તેમ થશે હેવો ભાવ છે જુવે રતિ સર્વસ્વ एक वाराचाधियामोरतस्यप्रमोमतः । चंडशक्तिमतोर्यूनोरद्भुतक्रमवर्तिनाः (૫) કોઇકવખતેપ્રાપ્તથએલું ...ન તત્કાળ નાશ ન થાય એ ભાવ છે.

तामुथाप्य स्वजलकणिकाशीतलेनानिलेन
प्रत्याश्वस्तां सममभिनवैर्जालकैर्मालतीनाम् ।
विद्युद्गर्भः स्तिमितनयनां त्वत्सनाथे गवाक्षे
वक्तुं धीरःस्तनितवचनैर्मानिनीं प्रक्रमेथाः ॥ ३९ ॥

અર્થ—તે મારી પ્રિયાને (તારા) પોતાના નવા જળના છાંટાથી ઠંડા પવનવડે [6]જગાડીને નવા માલતીના દોડાની સાથે [7] જાગેલી તાહરાવાળી [8]બારીમાં (આ કોણ છે એ વિસ્મયથી) નીશ્ચળ નેત્રવાળી માનિનીને અંતલીન વિજળી (રૂપ સ્ત્રી) વાળો [9]ધીર તું ગર્જનારૂપ વચનોવડે બોલવાને હોશીયાર કરજે અવતણીકા હાવે હુતે ઓતુંજનને શીરે પોતાના સામું જોવડાવવું તે કહે છે. ॥૩૫॥

भर्तुर्मित्रं प्रियमविधवे विद्धि मामम्बुवाहं
तत्संदेशैर्हृदयनिहितैरागतं त्वत्समीपम् ।
या वृन्दानि त्वरयति पथि श्राम्यतां प्रोषितानां
मन्द्रस्निग्धैर्ध्वनिभिरबलावेणिमोक्षोत्सुकानि ॥ ३६ ॥

અર્થ—હે [10]સનાથા મને તારા ધણીનો પ્યારો મિત્ર (તેમાં પણ) તેના છાના સંદેશાઓવડે તારી પાસે આવેલો જે ગંભિર ગર્જનાઓવડે સ્ત્રીયોની વેણીઓને [11]છોડાવવાગાં ઉત્સુક (તથા) માર્ગમાં શાન્તિ પામેલી પ્રવાસીનીયોનાં[12] ટોળાંને ત્વરા કારાવનાર હું મેઘ છું એમ જાણ ॥ ૩૬ ॥

(૬) આથી તેણીનુ પ્રભુત્વ બતાવ્યુ છે (૭) આથી તેણીનુ સુકુમારપણુ સૂચવે છે (૮) જે બારીમાં તુ ઉભો છું તે બારી જુવો ઉ. શ્લોક. ૨૫. [૯] ધીરપણાથી ઉલટો થાય તો તેણીને આશ્વાશન કરવાનો પ્રસંગજ ના આવે.

[૧૦] આ સંબોધની વચન તેણીના મનમાં પોતાના ધણીની અનિષ્ટ શંકાઓ દુર કરે છે (૧૧) પોષિત ભતૃકા ધણીના વિયોગમાં ચોટલો હોળે નહી માટે બાઝીને એક વેણી જેવો ચોટલો હાવે વર્ષામાં પતિ ઘેર આવશે એ અનુમાનથી ચોટલો છુટો કરે છે. (૧૨) આથી રસ્તે ચાલનાર પર ઉપકાર કરેતો પણ બીજાનુ કામ કરે એમાં શું નવાઈ છે.

इत्याख्याते पवनतनयं मैथिलीवोन्मुखी सा
त्वामुत्कण्ठोच्छ्वसितहृदया वीक्ष्य संभाव्य चैवम् ।
श्रोष्यत्यस्मात्परमवहिता सौम्य सीमन्तिनीनां
कान्तोदन्तः सुहृदुपनतः संगमात्किंचिदूनः ॥ ३७ ॥

અર્થ—એ પ્રમાણે કહ્યા છતાં જેમ હરમાનને [1]સીતા તેમ તે મારી ઉન્મુખી પ્રિયા ઉત્સુક હૃદયવાળી થઈ છતી તને જોઇને અને સત્કાર કરીને હાવે [2]પછી અપ્રમત્ત ચિત્તવાળી સાંભળશે (શાથી) હે મેઘ સ્ત્રીયોને મિત્રતાયે પ્રાપ્ત થએલો પોતાના પ્યારાનો સંદેશો તે સમાગમથી કેંકજ ઓછો [3]હોય છે. ॥ ૩૭ ॥

तामायुष्मन्मम च वचनादात्मनश्चोपकर्तुं
ब्रूयादेवं तव सहचरो रामगिर्याश्रमस्थः ।
अव्यापन्नः कुशलमबले पृच्छति त्वां वियुक्तः
पूर्वाभाष्यं सुलभविपदां प्राणिनामेतदेव ॥ ३८ ॥

અર્થ—હે આયુષ્માન્ મારા પ્રાર્થના વચનથી (તું તારાજ) [4] આત્માને ઉપકાર કરવાને તેણીનેજ કહે જે (કે) હે અબલા—તારો સહચર રામગિરિ આશ્રમમાં રહેલો [5]આરોગ્ય (તારો પતિ) તેને [6] કુશળ ખબર પુછે છે (શાથી) વગર પ્રયત્ને પ્રાપ્ત થયેલ ·ખિ પ્રાણીયોને (તો) પ્રથમ કુશળ ખબર પુછવી જોઇએ. ॥૩૮॥

अङ्गेनाङ्गं प्रतनु तनुना गाढतप्तेन तप्तं
सास्रेणाश्रुद्रुतमविरतोत्कण्ठमुत्कण्ठितेन ।

[૧] સીતાતા હરમાનના ઉપાખ્યાનથી તેણીનુ પતીવ્રતાપણુ તા. મેઘને હરમાનની પેઠે દુતપણુ સૂચવ્યુ છે [૨] મારી મિત્રતા જાણ્યા પછી [૩] મતલબ તેની બરોબરજ હોય છે.

[૪] સામાને ઉપકાર કરી પોતે કૃતાર્થ થવુ એજ આત્માને ઉપકાર છે. (૫) ખુશી-જીવતો-[૬] તારી કુશળતા.

उष्णोच्छ्वासं समधिकतरोच्छ्वासिना दूरवर्ती

संकल्पैस्तैर्विशति विधिना वैरिणा रुद्धमार्गः ॥ ३९ ॥

અર્થ—(અને કે જે કે) દૂર રહેલો (તથા) વૈરી કીસ્મતે રોકેલા [૭]માર્ગવાળો (તે તારો સહચર પતિ પોતાના) સુકા અંગવડે તારા સુકા અંગમાં ધાઢ તપેલા શરીરવડે તારા તપેલા શરીરમાં —આંસુવાળા શરીરવતે તારા આંસુવાળા શરીરમાં—ઉત્કંઠીત શરીરથી તારા ઉત્કંઠીત શરીરમાં—તારા દીર્ગસ્વાસી શરીરવડે તારા દીર્ગસ્વાસી શરીરમાં સંકલ્પે પેસે છે. ॥ ૩૯ ॥

शब्दाख्येयं यदपि किल ते यः सखीनां पुरस्ता-

त्कर्णे लोलः कथयितुमभूदाननस्पर्शलोभात् ।

सोऽतिक्रान्तः श्रवणविषयं लोचनाभ्यामदृष्ट-

स्त्वामुत्कण्ठाविरचितपदं मन्मुखेनेदमाह ॥ ४० ॥

અર્થ—(હે અબલા) તારા આગળ—અધર પાનના લોભથી મોટે શબ્દથી બોલવા યોગ્ય વચન પણ (તારા) કાંનમાં કેવાનો લોભિ જે હતો—તે બે નેત્ર તથા કર્ણનો [૮]અગોચર તારો પ્યારો તને ઉત્કંઠાએ બનાવેલ [૯]આ પદ મારા મુખ દ્વારે કહે છે. (૪૦ ॥*

श्यामास्वङ्गं चकितहरिणीप्रेक्षणे दृष्टिपातं

वक्त्रच्छायां शशिनि शिखिनां बर्हभारेषु केशान् ।

---

[૭] તારી પાસે આવવાનો રસ્તો તો વેરી વિધિયે રોકી દીધો છે તો પણ સંકલ્પાંથી (મનના વીચારથી) તને મળી જાય છે અર્થાત તારે વિશે તેનું મન લીન થઈ જાય છે (આ અંતર્ગત સ્પષ્ટ પ્રીતીના ઉત્તમ વિચારવાળી ઘણીજ ઉંચી જાતની કલ્પના છે.

(૮) ઘણો દુર જોવાને તેમ સાંભળવાને અશક્ય એ ભાવ છે. [૯] નીચેનો શ્લોક. ૪૧ મો * આ શ્લોકમાં યક્ષે પોતાની અવસ્થા જણાવી છે તેમ [મોટેથી કેવા યોગ્ય પણ અધર પાનની લાલચથી કાંનમાં કેવાનો લોભવાળો] એનો ઘણી દુસહ સ્થીતી જણાવે છે.

उत्पश्यामि प्रतनुषु नदीवीचिषु भ्रूविलासा-
न्हन्तैकस्मिन्क्वचिदपि न ते चण्डि सादृश्यमस्ति ॥ ४१ ॥

અર્થ—પ્રિયંગુની લતામાં તારી અંગલતા (તથા) ચંચળ હરણોના [1]જોવામાં તારો દૃષ્ટિપાત (તથા) (પુર્ણ) ચંદ્રમાં તારી મુખ કાન્તિ (તથા) મોરના પીંછામાં તારા વાળ (અને) નદીના સ્વલ્પ તરંગોમાં તારો ભ્રુવિલાસ હું જોઉં [2]છું પણ હાય!! હે [3]ચંડિ કોઈ વખતે કોઇ પણ વસ્તુમાં તારી બરોબર નથી. ॥ ૪૧ ॥ *

त्वामालिख्य प्रणयकुपितां धातुरागैः शिलाया-
मात्मानं ते चरणपतितं यावदिच्छामि कर्तुम् ।
अस्रैस्तावन्मुहुरुपचितैर्दृष्टिरालुप्यते मे
क्रूरस्तस्मिन्नपि न सहते संगमं नौ कृतान्तः ॥ ४२ ॥

અર્થ—(હે પ્રિયા) પ્રેમાતિશયે કુપીતાવસ્થા યુક્ત તને ગેરૂઆદીક રંગવડે પથ્થરના છાટમાં ચિતરીને મારી છબી તારા ચરણ પડેલી ચિતરવાને જે દરમીયાન હું ઇચ્છું છું તે દરમીયાન દરવખતમાં પ્રવૃત્ત આંસુઓવડે કૃતઘ્ની દૈવ મારી દૃષ્ટિ ઢાંકી [4]દે છે ને

(૧) હરણ જે ચપળ આંખથી જુવે તેવું તારૂં પણ જોવું છે. (૨) એટલે તે વસ્તુ જોઇને તારાં તે તે લક્ષણો યાદ આવે છે [૩] ચંડિ ક્રોધવાળી કારણ એનો સ્વભાવ એવો કે એના જેવી પ્રિતી જો કોઇ બીજી વસ્તુમાં જુવેતો ગુસે થાય. માટે ભયથી કહે છે કે ક્રોધ ન કરીશ કારણ હું તારા સ્વરૂપના લક્ષણ તે વસ્તુમાં જાણું છું પણ તારા જેવી સર્વ લક્ષણથી સંપન્ન એક પણ વસ્તુ નથી માટે હાવુ સાંભળીને તુ મારા ઉપર ક્રોધાયમાન ન થઈશ (આથી અતિ સૌહૃદયતા જણાવી છે] વિરહી પુરૂષોને વિનોદના સ્થાનના ચાર ભેદ છે એકતો બરોબર વસ્તુનું જોવું તા. (૨) છબી ત્રીજુ સ્વપ્ન દર્શન તા. ચોથુ તેના અંગને અટકેલ વસ્તુનો સ્પર્શ જુવો ગુણ પતાકામાં. वियोगावस्थासु प्रियजन सदृशानुभवनम्। ततश्चित्रंकर्मस्वप्न समय दर्शनमपि॥ तदंग स्पृष्टानामुपमतवतां दर्शनमपि। प्रतीकारोऽनंगव्यथि मनसांकोऽपिगदित તેમાંનુ આપેલુ સદૃશ વસ્તુનો અનુભવ છે શ્લો. ૪૨ માં છબીનું છે શ્લો. ૪૩ મામાં સ્વપ્ન દર્શ છે તા. શ્લો. ૪૪ મામાં તદંગ સ્પૃષ્ટ વસ્તુનો સ્પર્શ જણાવ્યો છે.

(૪) તેથી હું ચીતરી શકતો નથી (શ્લો.) સંભોગ સમય પ્યારની રીસે ભરાયેલી વલ્લભાને મનાવવા માટે પગે લાગતો હોય તેમ ચિતરતાં દર્દનાં આંસુથી ચીતરી શકતો નથી.

તારો તથા મારો ચિત્રને વિશે પણ સંગમ સહન કરતો નથી ॥ ૪૨ ॥ *

मामाकाशप्रणिहितभुजं निर्दयाश्लेषहेतो-

र्लब्धायास्ते कथमपि मया स्वप्नसंदर्शनेषु ।

पश्यन्तीनां न खलु बहुशो न स्थलीदेवतानां

मुक्तास्थूलास्तरुकिसलयेष्वश्रुलेशाःपतन्ति ॥ ४३ ॥

અર્થ—સ્વપ્નાવસ્થામાં બલાત્કારે પ્રાપ્ત થએલીના તારા ગાઢ આલીંગન તે [૫]સારૂ ઉંચા કરેલા હાથ વાળાને મને જોતી તે વન દેવીઓના મોતિ જેવા મોટાં અશ્રુ બીંદુઓ ઘાસ [૬]પાનમાં ઘણાં નથી પડતાં એમ [૭]નહિ. ॥ ૪૩ ॥

भित्त्वा सद्यः किसलयपुटान्देवदारुद्रुमाणां

ये तत्क्षीरस्रुतिसुरभयो दक्षिणेन प्रवृत्ताः ।

आलिङ्ग्यन्ते गुणवति मया ते तुषाराद्रिवाताः

पूर्वं स्पृष्टं यदि किल भवेदङ्गमेभिस्तवेति ॥ ४४ ॥

અર્થ—દેવદાર વૃક્ષોના પલ્લવોને તત્કાળ ભેદીને તેના ખરતા દુધવડે સુગન્ધીમય જે દક્ષીણ દીશાથી આવતા હીમાલયના પવનો જો પેલ્લાં તારા અંગને સ્પર્શ કરનારા હોય તો મે [૮]આલંગ્યા છે ॥ ૪૪ ॥

संक्षिप्येत क्षण इव कथं दीर्घयामा त्रियामा

सर्वावस्थास्वहरपि कथं मन्दमन्दातपं स्यात् ।

इत्थं चेतश्चटुलनयने दुर्लभप्रार्थनं मे

गाढोष्माभिः कृतमशरणं त्वाद्वियोगव्यथाभिः ॥ ४५ ॥

અર્થ—[૯]લાંબા પોહોરવાળી રાત્રી એક ક્ષણ વારની માફક

[૫] સ્વપ્નમાં સ્ત્રી સાક્ષાત તો નથી હોતી પણ ભેટતાને હાથ ઉંચા કર્યા છે. (૬) જો ભુમી ઉપર પડે તો અનીષ્ટ થાય માટે ઘાસમાં [૭] પોજ છે. (૮) એટલે તારા આલીંગનનુંજ સુખ માનું છુ.
(૯) વીરહ વેદનાથી લાંબો પોર માલમ પડે માટે.

કેવી રીતે ટુંકી કરી શકાય ? (અને) સર્વ કાળે દીવસ પણ મંદમંદ તાપવાળો ક્યારે [10]થાય ? હે ચપળાક્ષી આ પ્રમાણે [11]અપ્રાપ્ય મનોરથ મારા ચિત્તને તારા વિયોગની આતિતિવ્રવ્યથાએ અનાથ કર્યુંછે.[12] ॥ ૪૫ ॥

नन्वात्मानं बहु विगणयन्नात्मनैवावलम्बे

तत्कल्याणि त्वमपि नितरां मा गमः कातरत्वम्

कस्यात्यन्तं सुखमुपनतं दुःखमेकान्ततो वा

नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण ॥ ४६ ॥

અર્થ—(આપ પુરો થયે હું આ પ્રમાણે કરીશ એમ) ઘણી ગણત્રી કરતો હુ મારા આત્માને ધારણ કરૂંછું તેથી—હે [1]સુભગા—તું પણ અત્યંત બીહીશના (શાથી કે) કોને પોતાના સ્વામીથી અત્યંત સુખ વા અત્યંત દુઃખ પ્રાપ્ત થયું [2]છે ? (પરંતુ માણુસની) દશા-અવસ્થા (રથના) પૈડાના આરાની માફક નીચે ઊંચે ફર્યાજ કરે છે. ॥ ૪૬ ॥

शापान्तो मे भुजगशयनादुत्थिते शार्ङ्गपाणौ

शेषान्मासान्गमय चतुरो लोचने मीलयित्वा ।

पश्चादावां विरहगुणितं तं तमात्माभिलाषं

निर्वेक्ष्यावः परिणतशरच्चन्द्रिकासु क्षपासु ॥ ४७ ॥

અર્થ—[3]વિષ્ણુ સર્પરૂપ પથારી ઉપરથી ઊઠે છતે મારા શ્રાપનો છેડો છે ([4]માટે) બાકી રહેલા ચોમાસાના ચાર મહીના આંખો મીંચીને કાઢ ત્યારપછી વીરહાવસ્થામાં ગણાવેલા તે તે (સઘળા) અભીલાષનો તુ અને હું સરદરૂતુની પૂર્ણચંદ્રવાળી રાત્રીયોમાં ભોગવિશુ. ॥ ૪૭ ॥

सान्तर्हासं कथितमसकृत्पृच्छतश्च त्वया मे

दृष्टः स्वप्ने कितव रमयन्कामपि त्वं मयेति ॥ ४८ ॥

[૧૦] મતલબ તારા વગર ન થાય. (૧૧) ધારેલા વિચાર પાર પડવાને મુશ્કેલ ભરેલુ. (૧૨) અર્થાત તારાશીવાય મારા ચિત્તનુ બીજુ કાંઇ શરણ નથી.

[૧] તારાજ સારા ભાગ્યે હું જીવું છું (૨) મતલબ કોઈને અત્યંત નહી પણ સેજસાજ તો ખરૂંરતો × આ શ્લોકથી એને કેવાનો ભાવ એછે કે મારી દુરદશા સાંભળીને તારે બીવું નહી આ આશ્વાસનીય વચન છે.

(૩) શેષશાયી=સાપના ઉપરજ સુવે છે. (૪) મતલબ દેવસુતી અગીયારસે કારતગ સુદ ૧૧ × આ શ્લોકથી એમ જણાવે છે કે આ દુખ અવધી વગરનું છે એમ નહી માટે તું ધીરજ રાખવ આપ પુરો થયે આપણે મ-

भूयश्चाह त्वमपि शयने कण्ठलग्ना पुरा मे

निद्रां गत्वा किमपि रुदती सस्वनं विप्रबुद्धा ।

અર્થ—ફરીથી પણ તને કહું [5]છું (કે) પેલ્લાં પથારીમાં મારે ગળે બાઝેલી [6]તું નિન્દ્રા પામીને કોઈકની મિત્તથી મોટે (ઘાંટે) રડી ઉઠી (હતી) (રડવાનુ કારણ) ઘણી વાર પુછતાં તેમને–કે લુચ્ચા, તુ કોઈ પણ સ્રીની જોડે [7]રમતો મેં સ્વપ્નમાં જોયો એ પ્રમાણે તેં મંદહાસ્ય પુર્વક કહ્યું (એ તારા પતીએ નીશાની આપી છે) ॥ ૪૮ ॥

एतस्मान्मां कुशलिनमभिज्ञानदानाद्विदित्वा

मा कौलीनाच्चकितनयने मय्यविश्वासिनी भूः

स्नेहानाहुः किमपि विरहे ध्वंसिनस्ते त्वभोगा-

दिष्टे वस्तुन्युपचितरसा प्रेमराशीभवन्ति ॥ ४९ ॥

અર્થ—એ નિશાની આપવાથી મને કુશળ જાણીને હે ચપળાક્ષી લોકાપવાદથી તુ મારે વિષે વિશ્વાસ વગરની ના [8]થઈશ. અન્યોન્યના વિયોગ છતાં સ્નેહોને નાશવંત કહેવામાં કાંઈ કારણ[9] નથીઃ પરંતુ તે સ્નેહો વિયોગાવસ્થામાં તો ઇચ્છિત વસ્તુમાં પુષ્કળ રસવાળા ઢગલા થાય [10]છે. (૪૯)

आश्वास्यैवं प्रथमविरहोदग्रशोकां सखीं ते

शैलादाशु त्रिनयनवृषोत्खातकूटान्निवृत्तः

साभिज्ञानं प्रहितकुशलैस्तद्वचोभिर्ममापि

प्रातःकुन्दप्रसवशिथिलं जीवितं धारयेथाः ॥ ५० ॥

અર્થ—પ્રથમજ વિરહ હોવાથી અતિ તિવ્રશોકવાળી તે તારી સખી (પુર્વોક્ત રીતે) [1]આશ્વાશના કરીને ત્ર્યંબકેશ્વરના વૃષભે ખો-

(૫) તુજ પતિ મારા મુખ દ્વારાએ તને કહે છે એમ મેઘ વચન છે [૬] તું ગળે બાઝેલી એટલે મારે કોઈ પણ જગોપર જવાપણુ સંભવે નહીં (૭) વિહાર કરતો—આથી તેણીની અસહન શીળતી જણાવી છે પોતાના પતિની પ્રીતી બીજા ઉપર હોય તે સ્રી સ્વભાવીક રીતે સહન કરી શકતી નથી.(૮) કે એતો ઘણા દિવસના વીયોગમાં બીજી સ્રીની સાથે સ્નેહ બાંધીને રહયો હશે કીંવા એ વિયોગથી મર્ણ પામ્યો હશે ઇત્યાદી વેમ ન રાખીશ (૯)મતલબ વિયોગમાં સ્નેહ નાશ પામતો નથી પણ વધે છે (૧૦) વિયોગનું અસહનપણુ બતાવ્યુ છે સ્નેહ વધે એટલે વિયોગ સહન થાય નહી

[૧] આશાના વાસના (૨) મતલબ તેણીનો સંદેશો તુ મને કહેજે નેથી હું જીવીશકું

દેલા શીખરવાળા કૈલાશ પર્વતથી જલદી પાછો વળેલો; નીશાનીવાળાં મોકલેલાં તેણીના વચનોવડે મારૂ પણ પ્રાતઃકાળના પુષ્પથી પેદા લએલ જેમ દુર્મલજી વીત ધારણ [2]કરાવજે. ॥ ૫૦ ॥

कच्चित्सौम्य व्यवसितमिदं बन्धुकृत्यं त्वया मे

प्रत्यादेशान्न खलु भवतो धीरतां कल्पयामि ।

निःशब्दोऽपि प्रदिशसि जलं याचितश्चातकेभ्यः

प्रत्युक्तं हि प्रणयिषु सतामीप्सितार्थक्रियैव ॥ ५१ ॥

અર્થ—હે [3]સોમ્ય; આ તારા મિત્રના મારા કાર્યનો તેં કાંઇ નિશ્ચય કર્યો? ([4]તારા) મુગા [5]પણાથી નકી હુ તારી ધીરતા નથી [6]કલ્પ તો તારી પાસે માગ્યા છતાં વગર બોલે પણ તુ ચાતક પક્ષીઓને જળ આપે છે કારણ સત પુરૂષોને વિષે (તેમનુ) ઇચ્છિતાર્થનુ આપવું એજ પ્રત્યુતર [7]છે ॥ ૫૧ ॥

एतत्कृत्वा प्रियमनुचितप्रार्थनावर्तिनो मे

सौहार्दाद्वा विधुर इति वा मय्यनुक्रोशबुद्ध्या

इष्टान्देशाञ्जलद विचर प्रावृषा संभृतश्री-

र्मा भूदेवं क्षणमपि च ते विद्युता विप्रयोगः ॥ ५२ ॥

અર્થ—હે મેઘ (તારે અને મારે) મિત્રતા છે માટે અથવ હુ વિયોગિના ઉપર કરૂણા બુદ્ધિવડે—([8]તારે) અનનુચીત[12] પાર્થના કરવામાંતત્પરતુ[9] મારૂ (તું) [10]આ કામ કરીને વર્ષાઋતુવડે શોભતો છતો (તારે પોતાને) ઇચ્છીત દેતરફ [11]જા; આવો (મારા જેવો) ક્ષણ વાર પણ તને તારી (સ્ત્રી) વીજળીની સાથે વીયોગ ના થશો. ॥ ૫૨ ॥

(૩) રૂડો (૪) કે હું કરીશજ [૫] ન બોલવાથી મેઘ જડ પદાર્થ છે ને તેથી ન બોળે તેથી [૬] મતલબ તેં જવાપ ન અપયો માટે તેં મારી વાત માન્ય નથી કરી એમ મને શંકા નથી કારણ તારે તોએ જણીચીત છે [૭] કેવળ ક્રિયાજ ઉત્તર રૂપ છે જુવો

(૮) કે આ બીચારો વિયોગી છે. માટે લાભ્ય એનું કાર્ય કરૂ (૯) કાવ્યની શરૂઆતથીજ મેઘને સારૂ લાગે હેવી વાત કેવા માંડી છે [૧૦] જુવો પૂર્વ મેઘ શ્લોક ૭ મામાં જે શબ્દો લઇ જવાનુ કે વાની શરૂઆત કરી છે તે સંદેશોર (૧૧) મતલબ મારા સંદેશો પોચાડીને પછી તારી ઈચ્છામાં આવે ત્યાં જજે (૧૨) મારે તારી પાસે આ કામ ન કરાવવુ જો.

श्रुत्वा वार्तां जलदकथितां तां धनेशोऽपिसद्यः
शापस्यान्ते सदयहृदयः संविधायास्त कोपः
संयोज्यौ तौ विगलितशुचौ दंपती हृष्टचित्तौ
भोगानिष्टानभिरत सुखं भोजया मास शश्वः

અર્થ—કુબેરે આ મેઘે કહેલી વાત સાંભળીને તત્કાળ થએ શ્રાપ પુરો થયે તે બે ધણીધણીયાણીને ભેગાં કરી (ત્યાર બાદ) પ્રસન્ન ચિત્તવાળાં એ ધણી ધણીયાણી પોતાના ઈચ્છીત ભોગ ભોગવ્યા +

+ આ ક્ષેપક કાળીદાસ શિવાય કોઇ બીજા આમ આ કવીની કલ્પના શક્તી અતિ ઉત્તમ પ્રકારનો આરંભ અધરથી છે તેમ સંગાપ્તી પણ અધરજ રહી છે છપાવવા નીચે ક્ષેપક શ્લોક મુકયો છે. કવીએ આરંભમાં તથા અંતમાં આશીર્વાદાત્મક મંગળ કીધાછે.

સમાપ્ત.

અગાઉથી થએલા ગ્રાહકોના મુબારક નામનું લીસ્ટ.

નામ.		નકલ.
મેહેરબાન દી. બ્હા. મણીભાઈ જસભાઈ દીવાન સાહેબ.	વડોદરા.	૫
નેક. ના. ઈડરના મહારાજા સાહેબ.		૫
ને. ના. કચ્છદેશાધિપતિ શ્રીમાન મહારાજા સાહેબ.		૫
રા. બ્હા. જુનાગઢના દીવાન સાહેબ.		૫
ભાઈશ્રી કોટેશ્વર દયારામજી	હૈદરાબાદ	૫
શેઠશ્રી લક્ષ્મીદાસ ખીમજી.	મુંબઈ	૧
ઓ. સેક્રેટરી ગુ. વ. સોસાઈટી	અમદાવાદ	૧
શેઠ. જેઠારામ મુકુન્દજી	મુંબઈ	
શેઠ. ગોકળદાસ મગનલાલ	મુંબઈ.	૧
બાલરાર નાનજી કાળીદાસ	સાખડા.	૧
શા. પ્રાણલાલ ખુશાલ અ. સે.	ઉંદલે.	૧
શા. પોપટ ગુલાબચંદ	ખંભાત	૨૫
શા. રૂપચંદ ભોગીલાલ	॥	૩
શા. ચુનીલાલ પાનાચંદ	॥	૨
શા. ભોગીલાલ જીભાઈ	॥	૨
શા. અંબાલાલ લલુભાઈ	॥	૧
ધી. લોર્ડ રે લાયબ્રેરી	॥	૧
રા. દલપતરામ હરગોવીંદ	॥	૧
શા. ગાંડાભાઈ જવેરચંદ	॥	૧
શા. રૂપચંદ પાનાચંદ	॥	૧
શા. અંબાલાલ અમરચંદ	॥	૧
બારા. મણીશંકર હરીભાઈ	॥	૧
ભાટ. નાનાલાલ રામશંકર	॥	૧
શા. જીભાઈ ગુલાબચંદ	॥	૧
રા. પુરશંકર જેશંકર	॥	૧
રા. નાથાલાલ હરીશંકર પંડિત	॥	૧
શા. છોટાલાલ છગનલાલ	॥	૧
રા. ર/ માધવસીંગ ભગવતસીંગ ઓવરસીયર	॥	૧
શા. હરીલાલ ભાઈલાલ	॥	૧
શા. માણેકલાલ નાનાલાલ	॥	૧

૧ શા. જીવચંદ હકમચંદ.
૧ પંડ્યા. અંબાલાલ જેઠારાંમ.
૧ શા. ઠાકરશી દીપચંદ.
૧ અબદુલજીમાલ ગુલામએહમદ.
૧ શા. નાથાલાલ પ્રાણજીવન.
૧ શા. ડાહ્યાભાઇ છગનલાલ દલાલ.
૧ શા. નગીનદાસ સકળચંદ.
૧ શા. વજેચંદ મુળચંદ.
૧ પાં. મોહનલાલ છગનલાલ.
૧ શા. ચુનીલાલ ગણપતભાઈ.
૧ શા. છોટાલાલ મગનલાલ.
૧ સૈયદ કુતબુદીન વા. ફકરૂમીયા સાહેબ.
૧ હરીલાલ ચુનીલાલ.
૧ માહારાજ રામદાસ અમરદાસજી.

ર.

પંડ્યા.

1 ગૌરવમાં પોતાનું નામ

ા અત્યુત્તમ ચિનાર.

નામ નોંધાવનારે તાકીદે

લેવા.

સીદ્ધ કર્તા.

પ્રસારક કંપની.